# જાગૃતિ સંદેશ

# JAGRUTI SANDESH

Price : 5/-
Total Page : 32

Vol 17 Issue No. 10 - Mumbai OCTOBER 2017

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર







# જેજેસી લેડીઝ વિંગ વાંકાનેર...

જૈન જાગૃતિ સેન્ટર
લેડીઝ વિંગ - વાંકાનેર
૧૯૮ શાખાની
શપથવિધિ એનાયત
કરતાં જૈન જાગૃતિ
સેન્ટર સેન્ટ્રલ બોર્ડનાં
ચેરમેન
શ્રી સંજયભાઈ શાહ





જૈન જાગૃતિ સેન્ટર
સેન્ટ્રલ બોર્ડના ચેરમેન
શ્રી સંજયભાઈ શાહ,
સેક્રેટરી
શ્રી વિજયભાઈ મહેતા
તથા ટ્રેઝરર
શ્રી રાજેશભાઈ ગાંધી
જૈન જાગૃતિ સેન્ટર
લેડીઝ વિંગ વાંકાનેર
ચાર્ટર એનાયત કરે છે.

જૈન જાગૃતિ સેન્ટર લેડીઝ વિંગ
વાંકાનેરના બાળકો દ્વારા
હમ જૈન કુળમે જન્મે હૈ
અભિમાન કરો... નૃત્યનાટિકા
પ્રસ્તુત કરીને સર્વેને મંત્રમુગ્ધ
કર્યા. એ બદલ જૈન જાગૃતિ
સેન્ટર સેન્ટ્રલ બોર્ડના ચેરમેન
શ્રી સંજયભાઈ શાહે દરેક
બાળકોને ૫૦૦ રૂપિયા અર્પણ
કરીને પ્રોત્સાહિત કર્યા.



# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ),
મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી ચંદ્રકાંત એફ. શાહ**



### કેબિનેટ કમિટી

| | | |
|---|---|---|
| ચૅરમૅન | : | શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : | શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન | : | શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : | શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | | શ્રી ઉદય ડી. સંઘવી |
| | | શ્રી અનિલ જી. દોશી |
| | | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : | શ્રી રમેશ એમ. સંઘવી |
| ખજાનચી | : | શ્રી રાજેશ સી. ગાંધી |
| | | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

### જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી

| | | |
|---|---|---|
| ચૅરમૅન | : | શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : | શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન | : | શ્રી રમેશ જે. મોરબિયા |
| | : | શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી | : | શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | : | શ્રી અમિત ડી. કોઠારી |
| ખજાનચી | : | શ્રી હસમુખ કે. દેઢિયા |

### : ટ્રસ્ટીઓ :

| | |
|---|---|
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી ધર્મેશ એસ. જૈન | શ્રી રાહુલ એમ. ટિંબડિયા |
| શ્રી અનિલ જી. દોશી | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

### : ઈન્વાયટી :

| | |
|---|---|
| શ્રી દિનેશ વી. શાહ | શ્રી કિરણ એચ. શાહ |

પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂા.૫/- વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**

## Message From The CHAIRMAN.....



**મારા સ્નેહાળ મિત્રો, ભાઈઓ તથા બહેનો - બાળકો,**

જય જિનેન્દ્ર

પંતપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીસાહેબે શરૂ કરેલું આ સ્વચ્છ અભિયાન અત્યારના સમયમાં ખરેખર ખૂબ જ જરૂરી છે. અને ઝડપથી આ કામ આગળ વધેલ છે.

ભારતના લોકો સંસ્કારી છે, ધાર્મિક છે, ભગવાનને ભજવા પુષ્કળ ધાર્મિક વિધિઓ કરે છે. આ ધાર્મિક વિધિઓ એક પછી એક ઉમેરાતી ગઈ, પણ સાથેસાથે આ બધી વિધિઓની Bi-Product તરીકે ખૂબ જ ગંદકી પેદા થઈ છે. ભારતનાં તીર્થસ્થાનો-ધાર્મિક સ્થળો કાશી હોય કે દ્વારકા, કેદારનાથ હોય કે હરિદ્વાર, બધાં જ ગંદકીથી ઊભરાય છે.

ભારતના કલ્ચરમાં જ ગંદકી વણાઈ ગઈ છે. આ ગંદકી જનજીવનનો એક સહજ ભાગ બની ગઈ છે. પ્રજાને ખ્યાલ ન રહ્યો કે ગંદકી એ રોગચાળાનું નિમિત્ત છે. સેંકડો વર્ષથી તેમાં કોઈ જાગરૂકતા ન આવી, જાણે પ્રજાએ ગંદકી એ અનિવાર્ય દૂષણ છે એમ માની પચાવી લીધું. આવા સમયે આ અભિયાન ચાલુ કર્યું તે બહુ જ જરૂરી હતું. મોદીસાહેબને ખરેખર અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

આનો મતલબ એવો નથી કે લોકોને સ્વચ્છતા ગમતી નથી. લોકો પોતાનાં ઘર-આંગણું-ધંધાનાં સ્થળો ચોખ્ખાં જ રાખે છે, પણ ત્યાંથી નીકળેલો કચરો ગલીમાં, રસ્તામાં કે સાર્વજનિક સ્થળોએ ફેંકે છે. પરિણામે જાહેર સ્થળો ખૂબ જ ગંદાં હોય છે. જેટલી સંભાળ પોતાના ઘરની લે છે તેટલી સંભાળ જાહેર સ્થળોની લેતા નથી. જેટલાં શોભાયમાન તેમનાં આંગણાં-ફળિયાં હોય તેટલા જ ગંદા નુક્કડ હોય છે. લોકોને ખબર નથી કે આ કચરો ફરતો ફરતો તેમના જ ઘરમાં પાછો આવે છે.

મારું માનવું છે કે આ ઊણપ માટે નિરક્ષરતા જવાબદાર છે. જેમ જેમ શિક્ષણ આવતું થશે તેમ તેમ ફેરફાર થતો જશે, પરંતુ તે માટે ઘણો સમય રાહ જોવી પડે તેમ છે. માટે ઝડપ લાવવા આ અભિયાનની અત્યંત જરૂર છે.

શ્રીલંકાનો દાખલો આપણી સમક્ષ મોજૂદ છે. એક વખતનો ગંદો દેશ આજે સ્વચ્છ દેશ તરીકે ઊભરી આવ્યો છે. એક જ માણસ તે દેશના પ્રમુખ શ્રી રાજપક્ષેના પ્રયત્નોથી નકશામાં આજે સ્વચ્છ દેશ તરીકેનું સ્થાન લઈ લીધું છે તો ભારત તેમ કેમ ન કરી શકે? આપણા જ ભારતમાં લડાખ અને સિક્કીમ જેવા રાજ્ય છે જ્યાં તમને સ્વચ્છ કલ્ચરનો અનુભવ થશે.

તો પછી ચાલો આપણે પણ આ અભિયાનમાં ઝુકાવીએ. સ્વચ્છતા દૂર નથી!

૧૪મી નવેમ્બર આવે એટલે સરકાર, શાળાના સંચાલકો અને

સમાજને બાળકો સાંભરે. ચાચા નહેરુનું હજી પણ ભારતીય સમાજમાં માનભર્યું સ્થાન છે અને તેથી જ તેમના જન્મદિવસને 'બાળ દિન' તરીકે ઊજવવાની ચાલી આવતી પરંપરા સરકારી સ્તરે પડાતી ફરજને શાળાઓએ સાચવવી પડે છે, પણ જે આનંદ, ઉલ્લાસ ઉજવણીનો હોય છે તે બાળમાનસમાં હોય છે ખરો. ગુજરાતી બાળકોને અંગ્રેજી ભાષામાં ભણાવવા માંડ્યાં એટલે માતૃભાષા પ્રત્યેનું મમત્વ ઘટે તે સ્વાભાવિક છે. ગુજરાતી બાળકો હવે માતૃભાષા સુપેરે બોલી નથી શકતાં. તેમના ગુજરાતી ઉચ્ચારો પણ આઘાત પહોંચાડનારા હોય છે અને સામા પક્ષે મોમ અને ડેડ અંગ્રેજી બોલવાના ધખારામાં ભાંગરો વાટે છે.

આપણી ભાષાનું બાળસાહિત્ય ખૂબ જ ઉચ્ચ કક્ષાનું હતું. કાળક્રમે અને વણવપરાશને કારણે ભૂલાવા માંડ્યું, ક્યાંક ક્યાંક અમુક બાળગીતો અને જોડકણાં કે ઉખાણાંનો ઉલ્લેખ જોવા મળે ત્યારે હૈયાને ટાઢક વળી જાય તેટલો આનંદ થાય છે. બાળજગતમાં જોડકણાં અને ગાઈ શકાય તેવાં ગીતોની અલગ અને અનોખી જગ્યા છે. એ ગીતોમાં આનંદ સાથે જ્ઞાનનો ભંડાર છે, ગમ્મત છે અને મસ્તી છે. બાળકો સાથે વડીલો પણ ગાતાં જાય અને ભાષાનો સમૃદ્ધ વારસો નવી પેઢીને આપતા જાય. આ જોડકણાં, ગીતો, ઉખાણાં સાથે નવા શબ્દો શીખવાના, નવી વાતો શીખવાની અને સંસ્કારોનું સિંચન થાય. આનંદ મળે તે વધારાનો ગણો.

***દાદાનો ડંગોરો લીધો, તેનો તો મેં ઘોડો કીધો,***
***ઘોડો ચાલે રૂમઝૂમ, ધરતી ધ્રૂજે ધમધમ...***

નાનકડા ઘરમાં લાકડી બે પગ વચ્ચે ભરાવીને કૂદતાં કૂદતાં ગાતાં બાળકને જોઈ સમગ્ર પરિવાર આનંદના હિલોળે ચડે. આજનો બાળક ટીવીની સિરિયલો અને વીડિયો ગેમ વચ્ચે અટવાઈ ગયો છે. બાળક બીઝી રહે છે, પણ આનંદ અને ઉત્સાહની ઓટ આવી ગઈ છે. રમીને મનથી અને તનથી થાકી જાય તેવી વીડિયો ગેમ તથા ધૂમધડાકા કરતાં રમકડાં બાળકોને ઉત્તેજના, સાહસ, આનંદ આપનારાં નથી રહ્યાં.

***'મેં એક બિલાડી પાળી છે, તે રંગે બહુ રૂપાળી છે,***
***તે હળવે હળવે ચાલે છે, ને અંધારામાં ભાળે છે.'***

માત્ર થોડી પંક્તિ દ્વારા બિલાડી નામના જાનવરની આખી ઓળખ આપી દેવામાં કવિ ત્રિભુવન વ્યાસનાં ગીતો ખૂબ જ ખ્યાતિ પામ્યાં હતાં. આ ઉપરાંત સુન્દરમ્, રતિલાલ નાયક, ગિજુભાઈ, સોમાભાઈ પટેલ અને સ્નેહરશ્મિ જેવા ટોચના કહી શકાય તેવા સાહિત્યકારોએ બાળગીતોમાં મોટું પ્રદાન કર્યું છે.

***પરોઢિયે પંખી જાગીને ગાતાં મીઠાં તારાં ગાન,***
***પરોઢિયે મંદિર મસ્જિદમાં ધરતાં લોકો તારું ધ્યાન.***

આવી પ્રાર્થનાઓ ઘરમાં ગવાતી ત્યારે બાળમાનસ પર પ્રભાતમાં સોનેરી સપનાં સવાર થતાં, ઈશ્વર પર શ્રદ્ધા વધતી અને સાથોસાથ ભાષાજ્ઞાન વધતું.

**ગઈકાલનું જોડકણું**

**આવ રે વરસાદ, ઘેબરિયો પરસાદ,**
**ઊની ઊની રોટલી ને કારેલાનું શાક.**

**આજનું રિમેક**

**આવ રે વરસાદ, પિઝાનો પરસાદ,**
**ગરમા ગરમ મંચૂરિયન ને વેજ કોલ્હાપુરી શાક.**

જૈન જાગૃતિ સેન્ટર આંતરાષ્ટ્રીય સ્તરે જૈનોના બધાં જ ફિરકાઓને એક છત્ર નીચે લાવી પરસ્પર પરિચય અને પ્રેમના માધ્યમથી ભગવાન મહાવીરના અનુયાયીઓને એક સુત્રે બાંધી...

"We are all JAIN - nothing else"

ની ભાવનાને ૧૯૭૫થી ઉજાગર કરી રહી છે. જણાવતા આનંદ થાય છે કે, ધોરાજી તથા વાંકાનેર જૈન સમાજના ઈતિહાસમાં સર્વપ્રથમ વખત એક વિરલ ઘટના આકાર લઈ રહી છે. જૈન જાગૃતિ સેન્ટરની જૈન સમાજને એક સૂત્રે બાંધવાની ચળવળમાં ધોરાજી તથા વાંકાનેરની બહેનો ગર્વભેર જોડાઈ રહી છે એટલે કે... ધોરાજી તથા વાંકાનેર બન્ને શહેરમાં જૈન જાગૃતિ સેન્ટરની મહિલા પાંખ-લેડીઝવીંગની સ્થાપના તેમજ ચાર્ટર એનાયત સમારોહ તા. ૮.૧૦.૨૦૧૭ના રવિવાર શ્રી સંજયભાઈ શાહ - ચેરમેન તથા શ્રી રાજેશભાઈ ગાંધી સેન્ટ્રલ બોર્ડના ખજાનચી ખાસ ઉપસ્થિત હતા.

જેજેસી ઉપલેટા સેન્ટરની મુલાકાત તા. ૮.૧૦.૨૦૧૭ના દિવસે કરી અને જે રીતે તેઓ ઉપલેટાનાં સામાજીક, જીવદયા તેમજ માનવરાહતના કાર્યો કરે છે તે ખરેખર સરાહનીય છે, આ તબક્કે તેમના કાર્યોને અમો બીરદાવીએ છીએ.

હાયર એજ્યુકેશન અભિયાન-૨૦૧૭ પૂર્ણાહુતિના આરે આવી ગયું છે. તા. ૧૫ સપ્ટેમ્બરથી નવી એપ્લિકેશન લેવાનું બંધ કરેલ છે.

આ વર્ષે અત્યાર સુધીમાં લગભગ ૫૨૨ વિદ્યાર્થીઓને ૬.૫ કરોડ કરતાં વધુની સહાય કરી છે. હજી થોડા સ્ટુડન્ટ બાકી છે, જેમને થોડા દિવસમાં સહાય અપાઈ જશે. જે સેન્ટરોએ કમિટમેન્ટ કર્યા પ્રમાણે ફંડ હજી મોકલાવ્યું નથી તેઓને ખાસ વિનંતી કે તેઓ જેમ બને તેમ જલદીથી કમિટમેન્ટ પૂરૂં કરવા બાકીનું ફંડ મોકલાવી દેવા નમ્ર અનુરોધ.

મેમ્બરશિપ Renewalનો સમય આવી ગયો છે. દરેક સેન્ટરને આ બાબત શુભેચ્છા પાઠવું છું.

***લિ. સંજય બી. શાહ***
***ચેરમેન: જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ***

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● જેજેસી જુહુ | : | ૦૬-૦૯-૧૭ | સુન જા દિલ કી દાસ્તાન-મ્યુઝિક શો | ◈ |
| | : | ૦૭-૦૯-૧૭ | પપ્પા તમને નહીં સમજાય-નાટક | ◈ |
| | : | ૧૩-૦૯-૧૭ | યુગપુરુષ-નાટક | ◈ |
| | : | ૧૫-૦૯-૧૭ | લવ યું બ્યુટીફુલ-નાટક | ◈ |
| | : | ૨૧-૦૯-૧૭ થી ૨૯-૦૯-૧૭ | નવરાત્રી જલસો (નવ દિવસ) | ◈ |
| ● મુંબઈ | : | ૨૧-૦૯-૧૭ | બા મારી મધર ઈન્ડિયા-નાટક | ◈ |
| | : | ૧૦-૦૯-૧૭ | કલ હોના હો-ઓરકેસ્ટ્રા | ★ |
| ● જેમ જગડુશા | : | ૦૨-૦૯-૧૭ | મમ્મી મારી માઈન્ડ બ્લોઈંગ-નાટક | ◈ |
| | : | ૨૪-૦૯-૧૭ | ફાઈવસ્ટાર નવરાત્રીની મહામોજ-રાસગરબા | ◈ |
| ● ધોરાજી (L.W.) | : | ૦૮-૦૯-૧૭ | સંગીતમય સવાર-ઓરકેસ્ટ્રા | ★ |
| ● નોર્થ ઈસ્ટ | : | ૦૨-૦૯-૧૭ | ધ ફ્લેમિંગ વ્હિલ્સ-ગીત સંગીત અને નૃત્ય | ◈ |
| | : | ૦૮-૦૯-૧૭ | મમ્મી મારી માઈન્ડ બ્લોઈંગ-નાટક | ◈ |
| | : | ૨૬-૦૯-૧૭ | ફાઈવસ્ટાર નવરાત્રીની મહામોજ-રાસગરબા | ◈ |
| ● નોર્થ વેસ્ટ | : | ૦૨-૦૯-૧૭ | ધ ફ્લેમિંગ વ્હિલ્સ-ગીત સંગીત અને નૃત્ય | ◈ |
| | : | ૦૭-૦૯-૧૭ | મમ્મી મારી માઈન્ડ બ્લોઈંગ-નાટક | ◈ |
| | : | ૨૪-૦૯-૧૭ | ફાઈવસ્ટાર નવરાત્રીની મહામોજ-રાસગરબા | ◈ |
| ● મલાડ | : | ૧૭-૦૯-૧૭ | આપણું બધું કાયદેસર-નાટક | ★ |
| ● શિવાજી પાર્ક | : | ૧૪-૦૯-૧૭ | Once upon a time in Gujarat-ઓરકેસ્ટ્રા | ◈ |
| | : | ૧૯-૦૯-૧૭ | ૧૧ કલાક ૨૩ મિનિટ-નાટક | ◈ |
| | : | ૩૦-૦૯-૧૭ | જીવન ઉપયોગી વક્તવ્ય | ✦ |
| ● સાયન-માટુંગા | : | ૦૪-૦૯-૧૭ | કલ હોના હો-ઓરકેસ્ટ્રા | ★ |
| ● રોયલ જગડુશા | : | ૦૪-૦૯-૧૭ | મમ્મી મારી માઈન્ડ બ્લોઈંગ-નાટક | ◈ |
| | : | ૨૬-૦૯-૧૭ | ફાઈવસ્ટાર નવરાત્રીની મહામોજ-રાસગરબા | ◈ |
| ● બોરીવલી | : | ૧૧-૦૯-૧૭ | વિરાર ફાસ્ટ-નાટક | ◈ |
| | : | ૨૦-૦૯-૧૭ થી ૩૦-૦૯-૧૭ | નવરાત્રી-રાસ ગરબા | ◈ |
| ● ભાંડુપ-વિક્રોલી | : | ૧૯-૦૯-૧૭ | કલ હોના હો-ઓરકેસ્ટ્રા | ◈ |
| ● દહીસર | : | ૦૯-૦૯-૧૭ | કલ હોના હો-ઓરકેસ્ટ્રા | ★ |
| | : | ૨૦-૦૯- થી ૩૦-૦૯-૧૭ | નવરાત્રી-રાસ ગરબા | ◈ |
| ● દહીસર (L.W.) | : | ૦૯-૦૯-૧૭ | કલ હોના હો - ઓરકેસ્ટ્રા | ★ |
| | : | ૨૦-૦૯-૧૭ થી ૩૦-૦૯-૧૭ | નવરાત્રી-રાસ ગરબા | ◈ |
| ● નવી મુંબઈ | : | ૧૨-૦૯-૧૭ | માસ્તર બ્લાસ્ટર-નાટક | ◈ |
| | : | ૧૭-૦૯-૧૭ | વિરાર ફાસ્ટ-નાટક | ◈ |

| | | | | |
|---|---|---|---|---|
| ● કાંદિવલી | : | ૧૫-૦૯-૧૭ | વિરાર ફાસ્ટ-નાટક | ◈ |
| ● અમૃતનગર | : | ૧૫-૦૯-૧૭ | રંગ રંગીલા ગજ્જુભાઈ-નાટક | ◈ |
| ● સુરત | : | ૧૦-૦૯-૧૭ | ધાર્મિક મ્યુઝિકલ હાઉઝી-સંગીત સંધ્યા | ★ |
| ● વિલેપાર્લે | : | ૦૬-૦૯-૧૭ | કલ હોના હો-ઓરકેસ્ટ્રા | ★ |
| ● મુંબઈ (L.W.) | : | ૧૨-૦૯-૧૭ | મમ્મી મારી માઈન્ડ બ્લોઈંગ-નાટક | ◈ |
| ● ચેમ્બુર | : | ૧૮-૦૯-૧૭ | ૧૧ કલાક ૨૩ મિનિટ-નાટક | ◈ |
| | : | ૨૫-૦૯-૧૭ | ફાઈવ સ્ટાર નવરાત્રીની મહામોજ-રાસ ગરબા | ◈ |
| ● એલિસબ્રિજ (અમદાવાદ) | : | ૦૧-૦૯-૧૭ | પ્રેમનું પેટીએમ-નાટક | ◈ |
| | : | ૨૪-૦૯-૧૭ | હાઉઝીની રમત-ગેમશો | ★ |
| ● રજવાડી | : | ૧૧-૦૯-૧૭ | કલ હોના હો-ઓરકેસ્ટ્રા | ★ |
| | : | ૨૬-૦૯-૧૭ | રાસ ગરબા (નૈતિક નાગડા)-દાંડિયારાસ | ◈ |
| ● ઉપલેટા | : | ૨૩-૦૯-૧૭ | રાસ ગરબા - દાંડિયા રાસ | ★ |

સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**


# જેજેસી કાંદિવલી

સંચાલિત

## જૈન સગપણ માહિતી સેન્ટર (કાંદિવલી)

**(શ્રી કિરીટભાઈ ભાઈલાલભાઈ શાહ પરિવાર પ્રેરિત)**

**નવમો યુવક - યુવતી પરિચય સંમેલન (ગ્રેજ્યુએટ યુવા મેળો)**

**શુક્રવાર . તા. ૨૬ મી જાન્યુઆરી ૨૦૧૮ સમય : બપોરે ૩.૦૦ થી રાતના ૯.૦૦ સુધી**

બે અલગ પરિવારોની પરંપરા, બે અલગ અલગ પાત્રોની વર્તમાન જીવનશૈલીની વિવિધતાનો સમજણથી સમન્વય કરીને આપના ભાવિ જીવનને સગપણના સેતુ પ્રતિ દોરી જતો “મંગલ મંચ” એટલેજ “જૈન સગપણ માહિતી સેન્ટર” જેના દ્વારા રજીસ્ટર્ડ થયેલા, મુંબઈ કે મુંબઈ બહારના માત્ર અપરિણીત સ્નાતક (ગ્રેજ્યુએટ) થયેલા જેઓની વય ૨૧ થી ૩૫ વર્ષ સુધીની જ હોય એવા જૈન સમાજના લગ્ન ઈચ્છુક યુવક /યુવતીઓને તા. ૧૦.૦૧.૨૦૧૮ સુધીમાં તેમનું નામ રજીસ્ટર્ડ કરાવીને આ સંમેલનમાં સહભાગી થવા અમારૂં હાર્દિક આમંત્રણ છે. વહેલા તે પહેલાના ધોરણે નામો રજિસ્ટર્ડ કરાવાના રહેશે. નિર્ધારીત સભ્ય સંખ્યા પૂરી થયા પછી વધુ નામો સ્વીકારવામાં આવશે નહીં.

**સંપર્ક સૂત્ર : જૈન સગપણ માહિતી સેન્ટર**

દુકાન નં.૯, સાંઈરાજ ગાર્ડન, હેમુકલાની રોડ નં.૩, (ઇરાની વાડી) મોદી પાર્કની સામે,
કાંદિવલી (વેસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૬૭, ફોન: ૨૮૬૬૦૧૬૯ / ૯૮૨૧૦૫૦૧૬૯ મો. ૯૩૨૦૦૩૬૯૭૨ / ૯૮૬૯૭૮૭૪૩૯ / ૯૯૨૦૭૨૨૫૪૨ / ૭૯૬૯૪૮૨૯૨૬
સંપર્ક સમય ગુરૂવારે સાંજે ૪.૦૦ થી ૬.૦૦, રવિવાર સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦
Website : www.jjckandivali.com Email : info@jjckandivali.com

## જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા નીચેનાં સર્વે સેન્ટરો તથા સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે

| Sr. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Vasai | 10-11-2013 | Rajesh Sarvaiya | 9326469837 | Dharmesh Timbadia | 9822149200 |
| 2 | Nathdwara | 16-11-2007 | Sampat Lodha | 9829009552 | Kantilal Dhakad | 9829165070 |
| 3 | Bhuj | 17-11-1996 | Bhavik Shah | 9429342287 | Tushar Sheth | 9879081459 |
| 4 | Bhilwara | 17-11-2007 | Sunil Nahar | 9414114214 | Dinesh Kothari | 9829047663 |
| 5 | Chittorgarh | 17-11-2007 | Atul Sisodia | 9414110657 | Chandan Jain | 9414021777 |
| 6 | Nimbahera | 18-11-2012 | Ashok Navalkha | 9829221427 | Pradeep Modi | 9829224397 |
| 7 | Unjha | 22-11-1998 | Tejas Shah | 9898053915 | Samir Shah | 9426005095 |
| 8 | Hyderabad | 23-11-1996 | Manoj Mehta | 9246111900 | Bhavesh Kamdar | 040-24752950 |
| 9 | Kolkatta | 24-11-2002 | BhupendraKamdar | 9831080023 | Dhirajlal Jagani | 9831194603 |
| 10 | Mandvi | 25-11-2000 | Prashant Patwa | 9825359523 | Amit Bhansari | 9825236135 |
| 11 | Karnavati | 27-11-1983 | Pankaj Bavishi | 9898031156 | Avnish Shah | 9376260601 |
| 12 | Himatnagar | 30-11-2003 | Rohit Shah | 9427079225 | Ashish Shah | 9427054011 |

## JJC CENTRAL BOARD

| Sr. No. | Name | Date of Birth | Mobile No. | Email ID |
|---|---|---|---|---|
| 1 | Rajesh C. Gandhi | 11-11-1958 | 9821069989 | rajesh@kompressindia.com |
| 2 | Chandrakant F. Shah | 19-11-1961 | 9322990772 | chandra.pack@gmail.com |

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

| Sr. No. | Name | Date of Birth | Mobile No. | Email ID |
|---|---|---|---|---|
| 1 | Kishor N. Shah | 23-11-1938 | 9323368038 | nandkishor91@yahoo.co.in |

# સમજણ અને શાણપણ

## કિરણ શાહ

સમજણ અને શાણપણને ખૂબ જ નજીકનો સંબંધ છે. સમજણની પરાકાષ્ટા એટલે કદાચ શાણપણ. સામાન્ય સમજ (Common Sense)ના અતિપ્રમાણને કેટલીક વાર શાણપણ કહેવામાં આવે છે. જે બીજાને સમજીશકે તે વિદ્દાન પણ જે પોતાને સમજીશકે તે શાણો. બીજાલોકોની ભૂલમાંથી થાણો માણસ પોતાની ભૂલ સુધારે છે. શાણા થવાની કળા એટલે શેની શેની ઉપેક્ષા કરવી તે સમાજવાની કળા. શાણપણ એટલે ક્યારે કેવી રીતે અજ્ઞાન દેખાવું તેની સમજ. આ દુનિયામાં શાણપણનું સ્થાન લઈ શકે એવું બીજું કશું જ નથી, હા બીજા સ્થાને લઈ શકે એવું બીજું કશું જ નથી, હા બીજા સ્થાને મૌન આવે છે. તમે ભલે બહુ શાણા ન હો, પણ ઘણીવાર મોં બંધ રાખીનેય અનેક લોકોને મૂરખ બનાવી શકાય છે. જ્યારે દલીલ ભડકી ઊઠે છે ત્યારે શાણો માણસ તેને મૌન દ્વારા ઓલવી નાખે છે. શાણાઓ પોતે કહે તે કરતાં ઘણું વધારે જાણતા હોય છે અને મૂરખાઓ જાણતા હોય તે કરતાં ઘણું વધારે કહેતા હોય છે. માણસ શાણો હોય છે પોતાના અનુભવના પ્રમાણમાં નહીં પણ અનુભવ સ્વીકારવાની શક્તિના પ્રમાણમાં. શાણપણ માણસને ચિંગુસ થયા વિના કરકસરિયો અને ઉડાઉ બન્યા વિના ઉદાર બનતા શીખવે છે.

શાણો માણસ પોતાના અભિપ્રાય ને જેટલો વજનદાર ગણે છે તેટલા જ પ્રમાણમાં અન્યના અભિપ્રાયને ગણતો હોય છે. જ્યારે માણસને લાગે કે ''મારો અભિપ્રાય માત્ર અભિપ્રાય જ ગણાય'' ત્યારથી એ શાણપણની દિશામાં પ્રારંભ કરે છે. ઉંમરની સાથે શાણાપણ આવે છે એવું હંમેશાં બનતું નથી. કેટલીકવાર ઉંમર એકલી જ આવે છે. રૂપેરી વાળ એ ઉંમરની નિશાની છે, શાણપણની નહીં. માણસને નિરીક્ષણથી શાણપણ સાંપડે છે, નહીં કે તેની ઉમરથી. શાણા માણસનું મન ખુલ્લું હોય છે અને મો બંધ. અલ્પ શબ્દોમાં કહેવાય તો તમે કંઈપણ શાણપણભર્યું કહો તો કોઈને વાંધો હોતો નથી. કહેવાની હિંમત અને સાંભળવાનું શાણપણ એ બન્ને વચ્ચે ખૂબ જ માફકસરનો સુમેળ હોવો જોઈએ. શાણપણને બે હિસ્સામાં વહેંચી શકાય, ઘણું કહેવા યોગ્ય હોય તે અને ન કહેવાય તે, ઘણાં માણસો શાણપણભર્યા શબ્દો ઉચ્ચારે છે, પણ નહિવત્ માણસો તેને અમલમાં ચૂકે છે, જેમ કે ઘણા માણસો ઘણી બધી બાબતોમાં શાણપણ બતાવે છે, માત્ર પોતાની બાબતમાં જ નહીં. જે માણસ પોતાને જ ઓળખી શકે નહીં તેનું શાણપણ વ્યર્થ છે. જાત માટે શાણા થવાનું કઠણ છે, બીજાને માટે સહેલું. કેટલીક્વાર શાણા થવાની પ્રક્રિયા દરમિયાન માણસે કેટલાક પ્રસંગે જાતે થઈને મૂર્ખાઈ વહોરવી પડે છે. હું સિદ્ધાંત માટે લડી રહ્યો છું કે મારા પૂર્વગ્રહોના બચાવ માટે સમજવા માટે પણ કેટલું શાણપણ જોઈએ છે.

શાણપણ હંમેશાં વરદાન છે, શિક્ષણ કેટલીક્વાર શ્રાપરૂપ We must understand that there is a difference between knowledge and wisdom. તમે શિક્ષણ ખરીદી શકો છો, પણ જાણકારી અને શાણપણ એ ઈશ્વરની દેણ છે. જ્ઞાન એટલે હકીકતોની જાણકારી અને શાણપણ એટલે એ હકીક્તોનો ઉપયોગ કરવાની સમજ. શાણપણ એ શાણપણ નથી જો તે પુસ્તકોમાંથી મેળવેલું હોય. શાણપણ એ કંઈ એકી વખતે રોકડ ચૂકવી દેવાથી સાંપડતું નથી, એ તો હપ્તે હપ્તે જ સાંપડે છે. શિક્ષણ અને શાણપણ ગેરસમજણને દૂર કરવાનું સૌથી મોટું પરિબળ છે.

આપણા ગજથી જ બીજાને માપવા જઈએ તેમાંથી જ ગેરસમજણ જન્મે છે. જગતની પ્રત્યેક વ્યક્તિનો સ્વભાવ અલગ અલગ હોય છે. અન્ય આ દૃષ્ટિકોણથી જોવાની ટેવ પાડવાથી પણ ગેરસમજણ સહેલાઈથી નિવારી શકાય છે. (અનેકાંતવાદ!!). હું તને મારી રીતે સમજ્યો હતો પણ હું તેને તારી રીતે સમજી શકું તો!!! શાયર કુતુબ આઝાદર કહે છે ''ડગલે પગલે જે અડચણ હોય છે, તે ગેરસમજણનું જ કારણ હોય છે.'' "Understanding is much deeper than knowledge. There are many people who knows us. But very few who understand us.

# ન્યૂઝ ડેસ્ક

વાંચક મિત્રો, કેમ છો? મિત્રો, આજે આપણે આપણી રેગ્યુલર ચેનલને બદલે કંઈક નવું કરીએ તો? આમેય ભાવેશભાઈએ કહ્યું છે કે તમને ગમતું લખો. તો એ મોકાનો ફાયદો લઈને હું ન્યૂઝ ડેસ્ક બની જાઉં તો આપ મને સાંભળશો? ખેર, સાંભળશો કે નહીં તે તો ખ્યાલ નથી પણ હું મારી વાત ચોક્કસ આપ સમક્ષ મુકીશ.

મિત્રો, સવારે તમે ઉઠો અને સામે જાગૃતિ સંદેશનો અંક પડ્યો હોય તો પહેલું કામ આપ શું કરશો? કદાચ કૉફીનો એક કપ બનાવી શાંતિથી બેસશો અને નવાં અંકનો પ્રથમ લેખ વાંચવાનું શરૂ કરશો. કેમ ખરું ને..? પણ મિત્રો કૉફીની એક એક સિપ સાથે કૉફીની શોધ વિશે જાણવા મળી જાય તો કેવું રહેશે? તો ચાલો કૉફીનાં ઘૂંટ સાથે તેના ઈતિહાસને ય મમળાવીએ.

કૉફીની શોધ : એક્સ્પ્રેસો, મોકા, લાટે, ફ્રેંચ વનેલા, હેઝલનટ, સિનેમોન, આલ્મંડ ક્રંચ, કોલમ્બિયા પ્લેઈન, કાર્ડામમ, મિન્ટ વગેરે જેવા અનેક ફ્લેવર ધરાવતી કૉફીનું મૂળ સ્થાન યમન અને ઈથોપિયા માનવામાં આવ્યું છે.

કૉફીની શોધ શેખ અબ્દુલ હસનના સેવક ઓમર દ્વારા થઈ હતી. એકવાર કોઈક કારણસર શેખ અબ્દુલે ઓમરને દેશવટો આપ્યો. પોતાની જન્મભૂમિથી નિષ્કસીત થઈ ફરતો ફરતો ઓમર રણદ્વીપમાં પહોંચ્યો ત્યારે તે ખૂબ ભૂખ્યો અને તરસ્યો હતો. દ્વીપમાં આમતેમ ફરતાં ઓમરને પીવા માટે પાણી મળી ગયું. પણ તેને ખાવાનું કશું મળ્યું નહીં. ભૂખથી વિહવળ થતાં ઓમરની નજર દ્વીપ પર ઉગેલા વૃક્ષો પર ગઈ. આ વૃક્ષો ઉપર ઉગેલા ફળો પક્ષીઓ ખાઈને ઊડી રહ્યાં હતાં. આ પક્ષીઓને તે ફળ ખાતા જોઈ ઓમર વિચારવા લાગ્યો કે જો આ ફળ પક્ષીઓ ખાઈ શકે છે તો પોતે કેમ ન ખાઈ શકે? આમ વિચારી તેણે સૌ પ્રથમ કાચું ફળ કાચું ખાવાનો પ્રયત્ન કર્યો. પણ તે ફળ ખાઈ શક્યો નહીં આથી બીજીવાર તેણે તે ફળ શેકીને ખાવા પ્રયત્ન કર્યો પણ તે ફરી ફળ ખાઈ ન શક્યો અંતે તેણે તે ફળ પાણીમાં બાફ્યું અને તે પાણી જ પીવા લાગ્યો. આ પાણી પીવાથી ઓમરને થોડી ઉર્જા આવી. આ ઉર્જાથી ખુશ થયેલા ઓમરે તે પાણીને ''કહવા'' નામ આપ્યું.

સૂફીસંતોએ કહવાનો અર્થ ''શરાબ'' તરીકે કર્યો છે. શરાબ જે આસપાસનું અસ્તિત્વ ભુલાવી કેવળ અને કેવળ પોતાના જ નશામાં રાખે છે તે. પરંતુ સાથે સાથે આ સૂફીસંતો કહે છે કે જે ઈશ્વર પ્રત્યેના પ્રેમમાં જે મગ્ન થઈ પોતાના અસ્તિત્વને ભૂલી જવામાં મદદ કરે છે તે પણ એક પ્રકારનો શરાબ છે. સૂફીસંતોને કારણે કહવા પીણું ઈસ્લામિક દેશોની બહાર ગયું અને ખૂબ પ્રખ્યાત થયું, પરંતુ ઈસ્લામિક દેશોમાંથી બહાર જતાં એ કહવા શબ્દનું અપભ્રંશ થતાં કાહવા, કાહફ્રા, કાફી અને અંતે કૉફી શબ્દ અસ્તિત્વમાં આવ્યો. આજ કૉફી શબ્દ પરથી કાહપે અને કાફે શબ્દ પણ બન્યા.

ચાર્લ્સ દ્વિતીય એમ માનતો હતો કે કાહફેમાં ભેગા થઈ લોકો સત્તાની વિરુદ્ધ ચર્ચાઓ કરતાં હતાં તેથી તેણે યુરોપમાં પબ્લિક કાહફે ઉપર પ્રતિબંધ લગાવેલો હતો. પણ મિત્રો, આજે કાફેની પરિસ્થિતિ જુદી છે. તેથી યમનથી જે કૉફીની શરૂઆત થઈ હતી તે યમન કે કોઈપણ અરેબિયન દેશો આજે કૉફીની બાબત વૈશ્વિક માર્કેટમાં મહત્તમ સ્થાન ધરાવતા નથી. તેથી ગઈકાલે જે સ્થાન યમન, ઈથોપિયા અને અરેબિયાનું હતું તે જ સ્થાન આજે ઈન્ડિયા, બ્રાઝિલ, કોલમ્બિયા અને અમેરિકન કૉફીએ મેળવેલ છે.

અરે ભઈ, બધાં ય કૉફી લઈને બેસે એવું જરૂરી નથી, કોઈ ભાઈ કે ભાભીને ચાય પસંદ હોય તેવું ય બની શકે. તો ચાલો, સાથે સાથે એક કપ ચાય બનાવીને

બેસો, જેથી કરીને સર્જનહારનાં વધુ એક લેખકનો લેખ માણી શકાય, પણ મિત્રો, ચા ની ચૂસકી ધીરેથી મજેથી લેજો જેથી કરીને ચા નાં ઈતિહાસને પૂરેપૂરો માણી શકાય.

**ચા ની ચૂસકીની શરૂઆત :-** પ્રાચીન કાળમાં ચીનમાં ચા અને અન્ય પેયો માટે ચીની શબ્દ t'u નો પ્રયોગ કરવામાં આવતો હતો. પણ ઈ.સ. પૂર્વે ૩૦૦માં t'u (ચા)નું પેય ખૂબ પ્રખ્યાત થયું, પણ સમયાંતરે આ t'u શબ્દ ને બદલે Ch' શબ્દ અસ્તિત્વમાં આવ્યો. પણ આજે ચીનમાં લખવા માટે ઠઢ'ટ્ટ શબ્દ તો લખાય છે, પણ બોલવા માટે દટ્ટ'ઢ શબ્દ અસ્તિત્વમાં આવ્યો. ઈ.સ. પૂર્વમાં કન્ફ્યુસિઅસનાં સમયથી ચાને રાષ્ટ્રીય પીણાં તરીકે સન્માન મળેલું જે આજદિન સુધી ચાલું છે.

આ સમયમાં ચાનાં પાંદડાંમાંથી ચાની ઇંટો બનાવી રાખવામાં આવતી અને જરૂર પ્રમાણે ઇંટને પાણીમાં ઉકાળીને પીવામાં આવતી. જ્યારે લીલી ચાનો ઉપયોગ દસમી સદીમાં ચાલુ થયો. આ સમયમાં ચા નો ઉપયોગ ભેટ અને નજરાણા તરીકે પણ થયો. ભારતમાંથી નીકળેલા બૌધ્ધસાધુઓ ચીનથી ચાને ભારતમાં લઈ આવ્યાં. ૧૭મી સદીમાં અંગ્રેજો ભારતમાં આવ્યાં ત્યારે ભારતની ચાનાં શોખીન થઈ ગયાં. તેઓ ભારતથી ચાને બ્રિટન લઈ ગયાં. તે વખતે ચા, બિસ્કિટ અને આઈસ્ક્રીમ વડે બ્રિટનનો ઉચ્ચ ક્લાસ શોભી ઉઠ્યો હતો.

જ્યારે ૧૭૭૬ પહેલાં અમેરિકા ઉપર બ્રિટિશરોની સત્તા હતી. આ સત્તા દરમ્યાન બ્રિટિશરો ઇન્ડિયાથી ચા લાવી તેને અમેરિકન માર્કેટમાં ઠેલવતાં હતાં. ઇંડિયાથી બ્રિટિશ થઈને આવતી આ ચા ઉપર કિંગ જ્યોર્જે ટેક્સ નાખેલો હતો. આ ટેક્સના વિરોધમાં અમેરિકનોએ બ્રિટનથી આવેલ ચા ને દરિયામાં પધરાવી દીધી. અમેરિકનોનાં આ ટી વિરોધને અમેરિકાના ઈતિહાસમાં ''બૉસ્ટન ટી પાર્ટી'' તરીકે ઓળખવામાં આવે છે. જે અમેરિકન સિવિલવોરનો એક મહત્ત્વનો ભાગ ગણાય છે. અમેરિકાએ ભલે ઈન્ડિયા-બ્રિટન અને ચાઈનાની જેમ ચા ને મહત્ત્વ ન આપ્યું હોય તેમ છતાં અમેરિકન માર્કેટે બોડીવોર્મર ડ્રિંક તરીકે મસાલા ચાય, જિંજર ચાય, મીંટ ચાય વસાવી ભારતીય ચા ને અમેરિકન માર્કેટમાં એક અલગ જ સ્થાન આપ્યું છે.

અરે ચા-પાણી કરતાં કરતાં આપણે ચા-કૉફીનો ઇતિહાસ તો જાણી લીધો હવે બપોર થવાં આવી છે તો રસોઈનીયે તૈયારી કરી લઈએ, વાચક મિત્રો, આપણી રસોઈમાં ટામેટાં ન હોય તો દાળ-શાકનો સ્વાદ અને રંગ બંને ફિક્કા પડી જાય. માટે ચાલો વાતોનાં ટામેટા વેરતાં જઈએ, સલાડ માટે ટામેટાં સુધારતાં જઈએ અને ટમેટાનો ય ઈતિહાસ જાણતાં જઈએ.

**ટામેટાં :** જેનું મૂળ અમેરિકા કહેવાયું છે તેવા ટૉમેટૉ શબ્દ એ સ્પેનિશ ભાષાનાં 'ટૉમેટિલ' શબ્દમાંથી જોસેફ કેમ્પબેલે ૧૮૯૭માં બનાવ્યો હતો. ટૉમેટોનું બોટનિકલ નામ Lycopersiconesculentum છે. પણ જેનો આપણે શાક તરીકે ઉપયોગ કરીએ છીએ તેને વૈજ્ઞાનિકોએ ફળ તરીકેની ઉપમા આપી છે. ટમેટાનો સૌ પ્રથમ ઉલ્લેખ ત્રીજી સદીમાં વરુઓના નાશ માટે કરવામાં આવેલો હોઈ તેને Wolfpeach તરીકે ઓળખવામાં આવતું હતું. પરંતુ ત્રીજી સદી બાદ ટમેટોનો ઉલ્લેખ છેક પંદર મી સદીમાં થયો હતો, પરંતુ ૧૫ મી થી ૧૮ સદી સુધી આ ફળ ''વિષેલા ઈવલ ફળ'' તરીકે ઓળખાતું હોઈ તેનો ઉપયોગ કરાયો નહીં. ૧૬૧૫માં બ્રિટિનથી બીજી વસાહત જ્યારે અમેરિકા આવી ત્યારે તેમણે આ ફળની સુંદરતા અને રંગને કારણે તેમણે ''લવ એપ્પલ'' ની ઉપમા આપી. પણ રૂપ રંગ તરફ ન જોતાં આ વિષેલા ફળનો ઉપયોગ બ્રિટનનાં રાજદ્રોહીને મારવા માટે ઉપયોગ શરૂ થયો હતો, જો'કે પાછળથી રિસર્ચ દરમ્યાન એ પણ જાણવા મળ્યું કે ટામેટાંને સુધારીને આર્યનની પ્લેટમાં

મૂકવામાં આવતાં હતાં. ટામેટાંનું રસાયણ જ્યારે આ આર્યનની પ્લેટ સાથે મળતું ત્યારે રસાયણિક પ્રક્રિયા થતી જેને કારણે એ ટામેટાંમાં ઝેર ચડી જતું હતું અને એ ઝેરી ટામેટાંને કારણે લોકોનું મૃત્યુ થતું હતું.

૧૮૬૫ પછી વિલિયમ સેલમોન નામના વૈજ્ઞાનિકે ટામેટાંના ગુણદોષ વિષે રિસર્ચ કરવાનું શરૂ કર્યું ત્યારે ટામેટાંની સુંદરતાના વખાણ દૂર દૂર સુધી ફેલાઈ ગયેલ હોઈ ટામેટાંનો થોડો ઘણો વ્યાપ વધ્યો હતો. પણ ૧૮૮૦ પછી ઈટાલીમાં જ્યારે પીઝાના ટોપીંગ પર પ્રથમવાર ટમેટાનો પ્રયોગ કરવામાં આવ્યો ત્યારે ટામેટાના ખાટાં-મીઠા સ્વાદને લોકોએ ઘણો જ આવકાર્યો અને આ ફળને ''તંદુરસ્તી વધારનાર, અને તરસ છિપાવનાર'' ફળ તરીકે ઓળખવા લાગ્યાં. જોસેફ કેમ્પબેલે આ ટામેટાંમાંથી ''કેમ્પબેલ ટમેટો સૂપ'' બનાવી માર્કેટમાં મૂક્યો. આ નવા પ્રકારનાં આ સૂપ માટે સમય અનુસાર અમેરિકાના પ્રમુખ નિક્સન, પ્રમુખ રોનાલ્ડ રેગન વગેરેએ પોતપોતાનું યોગદાન આપ્યું. વિશ્વમાં આજે ટમેટાની ૭૫૦૦ જેટલી વેરાયટીઓ જોવા મળે છે. પરંતુ આ બધી જ વેરાયટીઓમાં ચેરી ટૉમેટો એ સૌથી વધુ લોકપ્રિયતા પામી છે. ટમેટાની ખેતી બાબતમાં ભારતનો ત્રીજો નંબર આવે છે.

વાંચક મિત્રો, આપણાં દાળ શાકમાં ટમેટાનો સ્વાદ તો નાખી દીધો, પણ ગુજરાતી રસોઈમાં થોડી ગોળ રૂપી ગળાશેય ઉમેરીએને. આ ગળાશ મિક્સ થાય ત્યાં સુધીમાં સર્જનહારનાં બીજા લેખો પર નજર કરી લઈએ.

**મીઠાશનો ઈતિહાસ :**

વાંચક મિત્રો શેરડીનાં રસનાં

મોલાસીસ, ગોળ, સાકર ટુકડા અને ખાંડ એમ ઘણા સ્વરૂપ છે. ગોળની શોધ ઈ.સ. ૫૦૦ વર્ષ પૂર્વે ભારતમાંથી થઈ હતી. લાંબા બારમાસી ઘાસ તરીકે ઓળખાતી શેરડીનું મૂળ ભારત છે. મધ્યકાલીન યુગની શરૂઆતમાં શેરડીના પાકે અંગ્રેજો અને ક્રિસ્ટોફર કોલંબસ દ્વારા વિશ્વ પ્રવાસ શરૂ કર્યો.

શેરડીમાંથી બનતી ચાસણીનો પ્રથમ ઉલ્લેખ ૧૫૮માં પોર્ટુગીઝ ઈતિહાસમાં Melaceres તરીકે જોવા મળેલો હતો. જે પોર્ટુગીઝ શબ્દે મેલ્કો (melko) માંથી ઉતરી આવેલ છે. જેનો અર્થ ચીકણું-મીઠું પ્રવાહી થાય છે, જે શેરડીના રસના ઉકળ્યા બાદનું પ્રથમ સ્વરૂપ છે. જ્યારે ઉકળતા રસમાંથી પાણીનો ભાગ બળી જાય છે અને જે ચાસણી બચે છે તે મોલાસીસ કહેવાય છે.

૧૬૨૩માં વેસ્ટ ઈન્ડિઝના પુસ્તકોમાં ચાસણીથી સહેજ વધુ જામેલ પ્રવાહીનો ''મોલાસીસ'' તરીકે ઉલ્લેખ જોવા મળેલો. મોલાસીસના લાઈટ, ડાર્ક અને બ્લેક એમ ત્રણ પ્રકારના હોય છે. મોલાસીસનું બીજું તે ઘનસ્વરૂપે (ઘદ્દગળ) છે,અને ત્રીજું સ્વરૂપ તે પાવડર સ્વરૂપે (ખાંડ) છે.

મોલાસીસ બનાવવા માટે શેરડીના રસને કાઢ્યા બાદ જે કૂચો બચે છે તેમાંથી બળતણ માટેનો કાચો માલ, ઈથેનોલ, ખાતર, મીણ, સૌંદર્ય પ્રસાધનો, કાગળ, વીજળી ઉત્પાદક સાધનો બને છે.

યુ.એસની હિસ્ટ્રીમાં કહે છે કે બ્રિટનથી આવતા મોલાસીસ ઉપર બ્રિટિશરોએ કર નાખેલો જેનો અમેરિકન લોકોએ વિરોધ કરેલો હતો (૧૯૬૪ સુગર એક્ટ). આ વિરોધ બાદ અમેરિકન લોકો એ બ્રિટનથી આવતા મોલાસીસને ખરીદવાનું બંધ કર્યું અને તેની જગ્યાએ યુ.એસ.ના જંગલોમાંથી મળી આવતા મધ અને લોકલ વેજીટેબલ્સમાંથી અને ફ્રૂટસમાંથી મોલાસીસ બનાવવાનું ચાલુ કર્યું. જ્યારે ખાંડની શોધ ૧૭મી સદીના પૂર્વાર્ધમાં જર્મન રસાયણશાસ્ત્રી એન્ડ્રેસે કરેલી. પરંતુ એન્ડ્રેસે શોધેલ તે સુગરનો ફેલાવો વિશ્વમાં થયો ન હતો.

૧૭૯૩માં અન્ય જર્મન રસાયણશાસ્ત્રી કાર્લએ ચર્ડે બીટમાંથી સુગર બનાવી વિશ્વની સામે મૂકેલી.

૧૮૩૦સુધીમાં કેવળ ફ્રાંસમાં જ ખાંડનું ઉત્પાદન ખૂબ

વધી ગયું. અંગ્રેજોના આવ્યા બાદ ભારતમાં પૉલિશ કરેલ સફેદ ખાંડની શરૂઆત થઈ. પરંતુ ખાંડને બ્રિટનથી લાવવા માટે સારો એવો સમય લાગતો આથી બ્રિટિશરોએ ખાંડ ચીનથી મંગાવતા. ચીનથી આવેલી ખાંડ તે ચીની તરીકે પ્રખ્યાત પણ થઈ આજે પણ આપણે ખાંડને હિન્દીમાં ચીની ને નામે જ ઓળખીએ છીએ.

૧૮મી સદી પછી ખાંડની લોકપ્રિયતા વધવા લાગેલી પણ વિશ્વમાં ખાંડ નો ખરો ફેલાવો પ્રથમ વિશ્વયુદ્ધ પછી થયો. વીસમી સદીના અંત સુધીમાં રશિયા, ફ્રાન્સ, યુનાઈટેડ સ્ટેટ્સ અને પશ્ચિમ જર્મની સુગર ના અગ્રણી ઉત્પાદકો ગણાતા હતાં, અને ભારતપણ તે દોડમાં શામિલ થઈ ગયું હતું.

રહી ગોળની વાત... તો ગોળનો પ્રથમ ઉલ્લેખ આપણને ગણેશજી દ્વારા જાણવા મળે છે. ૬ થી ૭ મી સદીમાં સમ્રાટ હર્ષે બૌદ્ધ સાધુઓ ગોળનો ફેલાવો કરવા માટે અને ખાંડની પ્રક્રિયા શીખવા માટે પોતાના પ્રતિનિધિઓને પૂર્વ એશિયામાં મોકલ્યા હતા. આજે ગોળ, ખાંડ અને મોલાસીસ બનાવવા માટે દાડમ, ગાજર ખજૂરી, મેપલ, કોર્ન, ગ્રેપ્સ, શેતૂર, બીટ, ટાલી, સોયા, સોર્ગમ (જુવાર) મધ, કોકોનેટ, ખજૂર, કેકટર્સ, કારોબ અથવા કૈરબ, પાલ્મ અને સુગર કેન વગેરેનો ઉપયોગ થાય છે.

વાચક મિત્રો, ખાવાપીવાની વાત તો ખૂબ થઈ ગઈ. પણ આપ જાણો છે કે ખાવા-પીવા સાથે થોડું જ્ઞાન પણ લેવું જરૂરી છે. પ્રત્યેક ગુજરાતીના ઘરમાં જઈ આપણો ભાષા અને વિશ્વ સાથે સંબંધ પણ પાકો કરે છે.

મિત્રો જાણો છે કે જેમ આપણે ત્યાં જ્ઞાનનો દિપક યુગયુગોથી ચમકી રહેલો છે તેમ વિશ્વનાં લગભગ બધા જ દેશોએ પ્રાથમિક સ્કૂલોને મહત્ત્વ આપ્યું છે. અમેરિકા અને ભારતની સ્કૂલોની તુલના કેવળ વિષયોને કારણે કરીએ તો ભારતની સ્કૂલ સિસ્ટમ ઘણી જ આગળ નીકળી જાય છે. ભારતીય સ્ટુડન્ટસોનું અમેરિકન સ્કૂલોમાં એક અલગ જ મહત્વ છે. અમેરિકાની સ્પેલિંગ BEE કોમ્પિટિશનમાં ૭૩% સ્ટુડન્ટસ તો ઈંડિયન છે, સિલિકોન વેલીમાં ૧૫% કંપનીઓ ભારતીયોની છે, ૧૦ અમેરિકનમાંથી ૧ ભારતીય ડૉક્ટર, નર્સ, ફિઝિશ્યન અને ડેન્ટિસ્ટ છે, ૧૦૦ અમેરિકન ઍંજિનિયરમાંથી ૨૦ ભારતીય ઍંજિનિયર છે. ભારતીય સ્ટુડન્સોનો આઈ ક્યૂ હાઈ ગણાય છે. આમ ભારતનાં ભણતરની અમેરિકામાં એક અલગ જ વેલ્યુ છે. પરંતુ કેવળ ભણવું એ જ જ્ઞાન નથી. જ્ઞાન સાથે જીવનભર ચાલવાનાં અલગ અલગ માપદંડ હોય છે.

*- સાભાર*

## જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

**ભારતભરના તથા પરદેશમાં વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજીક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસતી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.**

**સંપર્કઃ ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.**
**ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬**

**લિ. સેક્રેટરી જનરલ**
**જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ**

# રજિસ્ટર્ડ કો-ઑપ. સોસાયટીમાં નોમિનેશન રજિસ્ટ્રેશનનું મહત્ત્વ શું?

■ કિશોર એમ. શાહ (સોલિસિટર)

કોઈ પણ રજિસ્ટર્ડ કૉ. ઑપરેટિવ સોસાયટીમાં રહેવાનો ફ્લૅટ કે ઑફિસ હોય તો તે સોસાયટીના સભ્યએ મહારાષ્ટ્ર કૉ. ઑપરેટિવ સોસાયટી ઍક્ટ ૧૯૬૦ સેક્શન ૩૦ અને સોસાયટીના બાયલૉઝ પ્રમાણે નોમિનેશન કરવાનો કાયદેસરનો હક્ક છે. આજે કોઈ પણ માણસ પાસે તેની મૂડી હોય, તેનો સૌથી મહત્ત્વનો ભાગ તેનું ઘર અને ઑફિસ છે અને તેને જણાવવા માટે સોસાયટીના સભ્ય કે મેમ્બરે તેની પત્નીની તરફેણમાં ને પત્ની હોય તો પતિની તરફેણમાં સોસાયટીના સભ્યે કે મેમ્બરે તેની પત્નીની તરફેણમાં ને પત્ની હોય તો પતિની તરફેણમાં સોસાયટીના બાયલૉઝી-૩૨ પ્રમાણે નોમિનેશનનું ફૉર્મ નંબર-૧૪ (ત્રિપ્લીકેટ) એટલે કે ત્રણ કૉપીમાં ફાઈલ કરી લેવું. તે ફૉર્મ એટલું સરળ છે કે ફક્ત સોસાયટીના શૅર સર્ટિફિકેટમાં જે સભ્યનું નામ હોય, સોસાયટીનું નામ લખવાનું હોય છે. સરનામું, શૅર સર્ટિફિકેટનો નંબર લખવાનો હોય છે અને સર્ટિફિકેટમાં જે તારીખ લખી હોય છે તે લખવાની હોય છે તે લખવાની હોય છે. ત્યાર બાદ જેની તરફેણમાં નોમિનેશન કરવાનું હોય છે તેનું નામ, નોમિનીનું સરનામું, નોમિની સાથે કઈ રીતે સગા હોય તે લખવાનું હોય છે. નોમિનેશન એકથી પણ વધારે માણસને આપી શકાય છે. ત્યારે ટકાવારી પ્રમાણે તેના પર્સન્ટેઝ લખવા. નોમિનેશન માઈનોરની તરફેણમાં પણ થઈ શકે છે. નોમિનેશનમાં બે જવાબદાર વ્યક્તિને વિટનેસ તરીકે પણ લેવા પડે છે. જે નોમિનેશન ફૉર્મ ત્રિપ્લીકેટમાં ફાઈલ કરાય છે તે સોસાયટીના રેકર્ડમાં રહે છે. ફૉર્મની બીજી કૉપી સોસાયટીના સભ્યને, સોસાયટીના રજિસ્ટર્ડમાં નોમિનેશન રેકર્ડ થયા પછી અપાય છે. ફૉર્મની ત્રીજી કૉપી 'Acknowledgement copy for members' હોય છે.

## નોમિનેશન ફાઈલ કરવાના ફાયદા

હવે ઈન્કમ ટૅક્સ-૧૯૬૧ના કાયદા પ્રમાણે રજિસ્ટર્ડ કૉ-ઑપરેટિવ સોસાયટીનો ફ્લૅટ, સ્થાવર મિલ્કત એટલે ઈમ્વેબલ પ્રૉપર્ટી ગણાય છે અને કોઈ પણ સભ્ય નોમિનેશન કર્યા પછી ગુજરી જાય તો સોસાયટીના કાયદેસરના વારસ પાસે પ્રોબેટ માગી શકતી નથી. કોઈ પણ સભ્ય નોમિનેશન કર્યા પછી ગુજરી જાય તો કાયદેસર રીતે સોસાયટી તેના વારસદાર પાસેથી પ્રોબેટ માગી શકે છે પ્રોબેટ ડ્યૂટી લગભગ ૧૫,૦૦,૦૦૦ રૂપિયાથી વધારેનો ફ્લૅટ હોય તો ૭૫,૦૦૦ રૂપિયા ભરવી પડે છે અને આ પ્રોબેટ ડ્યૂટી હવે વધતી જશે, એટલે દરેક કૉ-ઑપરેટિવ સોસાયટીના સભ્યે તેમની હયાતી દરમિયાન નોમિનેશન ફૉર્મ ફાઈલ કરવું જોઈએ, જેથી કરીને સોસાયટી પ્રોબેટ કે લેટર્સ ઑફ ઍડમિનિસ્ટ્રેશન કે સક્સેશન સર્ટિફિકેટ ન માગી શકે. નોમિનેશન ફૉર્મમાં એક મહત્ત્વની વાત એ છે કે જેની તરફેણમાં નોમિનેશન ફૉર્મ ફાઈલ કર્યું હોય તે ગમે ત્યારે બદલી શકાય છે કે કૅન્સલ કરી શકાય છે. એક વખત નોમિનેશન ફાઈલ કર્યું હોય તો નોમિનીનો કાયદેસરનો કોઈ હક લાગતો નથી. નોમિની તે ફ્લૅટ પર કોઈ પણ રાઈટ, ટાઈટલ અથવા ઈન્ટરેસ્ટ ક્લૅમ કરી શકતો નથી. સામાન્ય રીતે જેની તરફેણમાં વીલમાં ફ્લૅટ જેને આપ્યો હોય તેની તરફેણમાં નોમિનેશન કરવું જોઈએ. નોમિનેશન એક જણની તરફેણમાં

કર્યું હોય ને વીલમાં બીજા કોઈનું નામ લખ્યું હોય તો આવા સંજોગોમાં નોમિની માત્ર એક ટ્રસ્ટી હોય છે અને તે ફ્લૅટનો તે માલિક નથી થઈ જતો. જો ૨૫ રૂપિયાનું નોમિનેશન ફૉર્મ ફાઈલ કરવાથી ૭૫,૦૦૦ રૂપિયા કોર્ટ ફીના અને ૧૫-૨૦ હજાર વકીલનો ખર્ચ બચતો હોય તો સોસાયટીના દરેક મેમ્બરે તેના ઘરના તત્કાલિન સંજોગો પ્રમાણે નોમિનેશન ફાઈલ કરી નાખવું. નોમિનેશનમાં વૈકલ્પિક નોમિનેશન પણ ફાઈલ થઈ શકે છે. ધારો કે એક પુરુષે તેની પત્નીની તરફેણમાં નોમિનેશન કર્યું હોય તો તે નોમિનેશનમાં લખી શકે છે કે તેની પત્ની તેની હયાતી દરમિયાન ગુજરી જાય તો તે ફ્લૅટ તેના પુત્ર કે પુત્રીને મળી શકે છે. નોમિની માઈનોરની તરફેણમાં કર્યું હોય તો તેના ગાર્ડિયન કોણ છે તે પણ નોમિનેશન ફૉર્મમાં લખવું જરૂરી છે.

નોમિનેશન ફાઈલ કર્યા પછી સોસાયટીએ શું કરવું?

કોઈ પણ હિન્દુ સભ્ય નોમિનેશન કર્યા વગર ગુજરી જાય તો સોસાયટીએ પ્રોબેટ માગવું જોઈએ, કારણ કે કોઈ પણ હિન્દુ તેની હયાતી દરમિયાન એકથી વધારે વીલ કરી શકે છે તે કારણસર સોસાયટી જે પ્રોબેટ માગે તો તે સભ્યે પ્રોબેટ આપવું પડે છે. પ્રોબેટ પ્રમાણે ફ્લૅટ ટ્રાન્સફર કરેલો હોય તો તે સોસાયટીના કમિટી મેમ્બર માટે પણ સારું છે. કોઈ પણ સભ્યનું નોમિનેશન ફૉર્મ મળ્યા પછી સોસાયટીની કમિટી મિટિંગમાં તે નોમિનેશન ફૉર્મની રજૂઆત કરવી જોઈએ ને જો નોમિનેશન ફૉર્મ દરેક રીતે બરાબર ભરાયેલું હોય તો સોસાયટીએ રિઝોલ્યુશન ફાઈલ કરીને મિનિટ્સ બુકમાં દાખલ કરવું જોઈએ. સોસાયટીએ ફૉર્મની પાછળ જે મૅનેજિંગ કમિટીની મિટિંગમાં રિઝોલ્યુશન પાસ કર્યું હોય તેની તારીખ લખવી જોઈએ અને ત્યાર પછી નોમિનેસનના રજિસ્ટરમાં કયા સિરિયલ નંબરમાં તે રિઝોલ્યુશન દાખલ કરેલું છે તે તારીખ સાથે લખવી. તેના પર સોસાયટીના સેક્રેટરીની સહી હોવી જરૂરી છે અને રબ્બર સ્ટૅમ્પ મારેલો હોવો જરૂરી છે. આના કરતાં પણ વધારે પાકુ કરવુ હોય તો સોસાયટીના મેમ્બરે સોસાયટી પાસેથી તે રિઝોલ્યુશન મિનિટ્સ બુકમાં એન્ટર કરાયું છે કે નહીં તેની જાતે નોંધ લેવી જોઈએ.

કોઈ પણ સોસાયટીને ફ્લૅટના ટ્રાન્સફરની નોમિનેશન પ્રમાણે અરજી મળી હોય તો છાપામાં નોટિસ આપીને ઑબ્જેક્શન મંગાવવાં:

કોઈ પણ રજિસ્ટર્ડ સોસાયટીમાં નોમિનેશન પ્રમાણે ફ્લૅટ ટ્રાન્સફર કરવાની અરજી આવે ત્યારે છાપામાં નોટિસ આપીને ફ્લૅટ ટ્રાન્સફર કરવાની બાબતમાં કોઈ ઑબ્જેક્શન્સ હોય તો તે મંગાવવાં જોઈએ અને જો તે ઑબ્જેક્શન સાચાં હોય ને કાયદેસર હોય તો તે ઑબ્જેક્શન્સ કાઢ્યા પછી સોસાયટીએ ફ્લૅટ ટ્રાન્સ્ફર કરવો જોઈએ. આ બધાં ઑબ્જેક્શન દૂર કરવાની જવાબદારી મેમ્બરની હોય છે. ફ્લૅટની પર કદાચ ઈન્કમ ટૅક્સ કે બૅન્કનું એટેચમેન્ટ હોય તો તેની રકમ ભરપાઈ થયા પછી સોસાયટીએ ફ્લૅટ ટ્રાન્સ્ફર કરવો જોઈએ.


**बिना दवाई के सरल और सचोट उपचार से, रजवाडी ठाठ से जीने की कला**

♦ हार्ट ब्लोकेजेस कम करना ♦ कमर दर्द ♦ साईटीका का पिडादायक दर्द ♦ स्पोडीलाईसीस ♦ घुटने का दर्द ♦ माईग्रेन ♦ डिप्रेसन ♦ वजन घटाना एवं अन्य रोगों के इलाज की सलाह और उपचार किसी भी तरह की दवा दिये बिना और आप जो दवाईयां ले रहे है वह बंद करवाये बिना सिर्फ बाहरी उपचार, बिना साईड इफेक्ट, नुकसान रहित और लाभदायक ।

*नीचे की अल्टरनेटीव थेरेपी का उपयोग करके।*

मेरीडीयन मसाज थेरेपी ♦ एक्युप्रेसर थेरेपी ♦ पास थेरेपी ♦ बुहांग इनस्टूमेंट ♦ सभी मेरीडीयनोलेजी पर आधारित और नेचरोपथी थेरेपी के विशेषज्ञ

*आपके घर आकर तपास कर सही इलाज किया जायेगा।*

Advt.

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mobile : 9820002953, 9820474125**

# BIO-DATA



**Name :**
**RUSHABH NIKHIL SHAH**
**DB/BT/BP :**
**13-7-89 , 9:35 A.M. (Mangalik)**
**Height :**
5.10'', Weight : 62 kg.
**Address :**
Bunglow No. 11, Gr. Floor, Balasinor Co.Op. Society, S. V. Road, Kandivali (W), Mumbai-400067.

**Education** : B.E. (Civil), Mumbai
**Caste** : Zalawadi Dashashrimali, (Derawasi)
**Native** : Wadhavan (Narichania)
**Profession** : Building Contractor
**Hobbies** : Sports & Listening to music
**Email ID** : rushabh.nufc@gmail.com/snikhilb.786@gmail.com

**FAMILY BACKGROUND**

**Grand Father** : Lt. Bhailal Ratilal Shah
**Grand Mother** : Lt. Manjula Bhailal Shah
**Fahter** : Nikhil Bhailal Shah
**Father Detail** : Architect Consultants & BMC - (Licensing Work)-Mobile : 9821151632
**Mother** : Rina (Rekha) Nikhil Shah (House Wife) – Mobile No. : 9870990981
**Brother** : Karan N. Shah (Projct Management & Consultans)
Mobile No. 9821322140
**Sister In Law** : Mrs. Sneha K. Shah (Fashion Designer)
**Phone** : (022) 2808 2218, **Office :** (022) 28021515/2525
**Uncle** : Lt. Kirit Bhailal Shah, Sanjay Bhilal Shah (Architect) 9821050169
**Mosal** : Kaniyalal D. Sheth (Parle) - Nana - 022 26123345
: Ravindra K. Sheth (Walkeshwar) - Mama - 022 23685133
**Fai-Fuva** : (1) Varshaben Bhaskarbhai Gosalia - Malad - 97694 77705
(2) Dr. Ranna Bipinbhai Doshi-Borivali - 9821087079/9821052413
(3) Nita Hareshbhai Parekh-Dahisar - 93222 68760

Advt.

# ૨૩મો સમૂહલગ્નોત્સવ

## જેજેસી-સેન્ટ્રલ બૉર્ડ

## જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બૉર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

**આયોજન**

શનિવાર, તા. ૯-૧૨-૨૦૧૭ના રોજ,
બોરીવલીમાં નક્કી કરવામાં આવેલ છે.
વહેલા તે પહેલાના ધોરણે ૨૧ યુગલોને લેવાનાં છે.
વડીલોને ખાસ સૂચના કે વહેલી તકે જેજેસી ઑફિસમાં
સંપર્ક કરવા નમ્ર વિનંતી.

૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૫૭.

ટે. નં. ૬૫૭૨૬૬૩૬ ટેલિફૅક્સઃ ૬૬૯૭૩૦૩૮

Email: admin@jainjagruti.com ● Website: www.jainjagruti.com

### ૨૩માં સમુહલગ્નનાં દાતાઓ

મંજુલાબેન પ્રમોદભાઈ સોલંકી
અલ્પાબેન રમભાઈ સોલંકી
મેધાવીબેન આશિષભાઈ સોલંકી
જીગીશાબેન ધર્મેન્દ્રભાઈ સોલંકી
ધિરલ અને ધૈર્ય

Advt.

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બૉર્ડ
# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બૉર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ
# ના પદાધિકારીઓ વતી

વિક્રમ સંવત ૨૦૭૪ નવા વર્ષની સુપ્રભાતે આપ સૌ શુભેચ્છકો, જ્ઞાતિજનો, સ્નેહિજનોને અમારા કારોબારીના સર્વે સભ્યો તથા ટ્રસ્ટીઓ તરફથી નવા વર્ષના હાર્દિક વધામણા. પ્રભુવીરના શાસનનાં આપણે સૌ વારસદારો છીએ, આવનારું વર્ષ આપ સૌના જીવનમાં ઉમંગ અને ઉત્સાહ લાવે તથા જીવન રિદ્ધિ-સિદ્ધિથી ભરપૂર રહે તેવી શુભકામનાઓ.



Sanjay B. Shah
Chairman

જાગૃતિ સંદેશની પ્રવૃત્તિઓમાં આપનો સદાય સહયોગ રહેશે તેવી અમો આશા રાખીએ છીએ.

આ મંગળમય વર્ષ આપ સૌને લાભદાયી રહે તેવી શુભેચ્છાઓ સાથે...

## JJC CENTRAL BOARD OFFICE BEARER

### Sanjay B. Shah - Chairman

| | | | |
|---|---|---|---|
| Ramesh J. Morbial | P. Chairman | Anil G. Doshi | Secretary |
| Praful V. Kamdar | Vice Chairman | Vijay H. Mehta | Secretary |
| Pravin A. Shah | Vice Chairman | Ramesh M. Sanghvi | Deve. Secr. |
| Kishor S. Sheth | Secretary General | Rajesh C. Gandhi | Treasurer |
| Jayanti K. Chhadva | Secretary | Rajesh R. Bhansali | Treasurer |
| Uday D. Sanghvi | Secretary | Chandrakant F. Shah | Editor |

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST

### Jitendra S. Kothari - Chairman



Jitendra S. Kothari
Chairman

| | | | |
|---|---|---|---|
| Kishor N. Shah | I.P. Chairman | Rajesh C. Gandhi | Trustee |
| Ramesh J. Morbia | Vice Chairman | Nitin M. Sanghavi | Trustee |
| Sanjay B. Shah | Vice Chairman | Jayanti K. Chhadva | Trustee |
| Praful V. Kamdar | Secretary | Rasik N. Kothari | Trustee |
| Amit D. Kothari | Secretary | Shailesh D. Shah | Trustee |
| Hasmukh K. Dedhia | Treasurer | Rajesh R. Bhansali | Trustee |
| Pravin G. Shah | Donor Trustee | Dharmesh S. Jain | Trustee |
| Kamlesh C. Shah | Donor Trustee | Rahul M. Timbadia | Trustee |
| Harshad J. Gandhi | Permanent Trustee | Chandrakant F. Shah | Trustee |
| Anil G. Doshi | Trustee | Dinesh V. Shah | Invitee |
| Kishor S. Sheth | Trustee | Kiran H. Shah | Invitee |




Advt.

# Our humble effort to reciprocate the society

Smt. Kantaben Chandulal Gandhi
**English School**
Kalyan (Maharashtra)

Shri. Manilal Kasturchand Gandhi
**Gujarati School**
Kalyan (Maharashtra)

Smt. Kantaben Chandulal Gandhi
**Adivasi School**
Karav (Maharashtra)

Shri. Manilal Kasturchand Gandhi
**Secondary School**
Tajpar (Botad - Gujarat)

Smt. Kantaben Chandulal Gandhi
**Higher Secondary School**
Tajpar (Botad - Gujarat)

Shri. Shailesh Chandulal Gandhi
**Institute of Information Technology**
Botad (Gujarat)



जिओ तो ऐसे जिओ,
जी भर के जिओ;
कि हर लम्हा अपना हो,
हर लम्हे में अपने हों।

*C.M.*
एक एहसास....

C. M. Gandhi & Family

C. M. GANDHI CONSTRUCTION PVT. LTD.
KOMPRESS INDIA PVT. LTD.

CMG CONSTRUCTION

KOMPRESS
WE CREATE SPACE ON EARTH

Advt.

# दीपावली और लक्ष्मी पूजा
## महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

हमारे जीवन में लक्ष्मी का बहुत महत्त्व है, चाहे वो संसार की लक्ष्मी हो, गृह लक्ष्मी हो, या शिव लक्ष्मी हो। हम दीवाली के दिन लक्ष्मी पूजन करते है, लक्ष्मीजी को प्रसन्न करने का प्रयत्न करते है, हमारी ऐसी समझ है, कि संसार के सारे सुख लक्ष्मी में निहीत है, लक्ष्मी है तो सबकुछ है, नहीं तो कुछ नहीं । दीपावली अब दिवालो पर रह गयी है, लक्ष्मी पूजन चोपडा पूजन में सिमट कर रह गयी है ।

एक व्यक्ति भाग रहा था, दुसरे व्यक्ति ने उससे पूछा क्यों भाग रहे हो? कहाँ जा रहे हो? वह व्यक्ति भागते भागते कहने लगा, लक्ष्मी आगे भागती चली जा रही है, में उसे पकड़ने के लिये, पीछा करते हुये, भाग रहा हूँ। वह व्यक्ति भागा ही जा रहा था, आखिर एक समय आया, वह थक गया, निराश होकर खड़ा हो गया, लक्ष्मी पीछे मुडकर देखती है, इन्सान थक गया है, खड़ा हो गया हैं, वह भी खड़ी हो जाती है, और उस व्यक्ति को वर लेती है । जिंदगी में हम भी इसी तरह पैसे के पीछे भाग रहे है, परन्तु पैसा हाथ में नहीं आता है, और जब व्यक्ति थक जाता है, अपनी गति को रोक लेता है, पैसा भी वही रुक जाता है।

लक्ष्मी चंचल होती है, वह खड़ी रहती है, बैठती नहीं है, लक्ष्मी उल्लू की सवारी करती है, उल्लू को दिन में दिखता नहीं है, रात में ही दिखता है, फिर भी हमारी अंधी दोड़ लक्ष्मी के पीछे रहती है । सुबह से शाम आदमी कमाने में थकता है, शरीर को घिस कर आदमी रूपया कमाता है, और जब रूपया उसके पास आता है, उस समय उसका शरीर थक जाता है, रोगों ग्रस्त हो जाता है, शरीर को स्वस्थ बनाने में रूपया खर्च कर देता है, अन्त में न रूपया रहता है, न शरीर । उस समय जीवन की, संसार की यथार्थता समझ में आती है ।

एक गाँव में सत्यनारायण सेठ रहते थे, वे धर्मिष्ट थे, उनके पास बहुत ज्यादा रूपया-पैसा नहीं था । लेकिन जो कुछ था, उसका वे अच्छे से सदुपयोग करते, दान आदि करते, जरूरत मन्द को मदद कर, प्रसन्न रहते । एक दिन लक्ष्मी उनके घर के पास आई, और सत्यनारायण सेठ से कहने लगी, में आपके घर आना चाहती हूँ । पहले तो सेठ ने मना कर दिया, मेरे यहाँ आपको आने की जरूरत नहीं है, यहाँ एक कहावत प्रसिद्ध है - रूको लक्ष्मीजी में कंकु की थाली लेकर आता हूँ, या रुको लक्ष्मीजी में कपाल धोकर आता हूँ, बाद में तिलक करना, यह कहावत अपनी जगह है, यहाँ ऐसा कुछ भी नहीं था । लक्ष्मी के अनुनय विनय करने पर, सत्यनारायण सेठ ने कहा, मेरी दो शर्त मंजूर हो तो में तुझे अपने घर रहने दूँगा, लक्ष्मी ने पूछा कौन सी दो शर्त? सेठ कहने लगे, पहली शर्त - आने के बाद, जाने का नाम नहीं लेना, दूसरी शर्त - यहाँ रहकर मेरे परिवार में क्लेश नहीं करवाना, ये दोनों शर्त मंजूर हो तो, आप यहाँ रुक सकती हो, वर्ना चली जाओ ।

बंधुओ लक्ष्मी आती है, तब अच्छा लगता है, किन्तु जब लक्ष्मी जाती है, तो परिवार को पूरी तरह से तहस-नहस कर चली जाती है, घर में लक्ष्मी के आते ही, अशान्ति क्लेश का वातावरण बन जाता है । लड़ाई-झगडे अपने आप चले आते है । व्यक्ति के पास पैसा न हो तो दुःखी, और हो तो ज्यादा दुःखी । यह संसार का कड़वा सत्य है ।

लक्ष्मीजी सत्यनारायण सेठ से कह रही है - मुझे तेरी दोनों शर्त मंजूर है, किन्तु इन दोनों शर्तो को मानने के लिये, तुम्हे मेरी तीन शर्त मंजूर करनी होगी । सेठ के कहने पर लक्ष्मी तीनो शर्ते बता रही है, पहली शर्त - माता-पिता और गुरु की, सेवा, पूजा, विनय, आदर, सत्कार होना चाहिये तथा उन्हें सन्मान मिलना चाहिये । दूसरी शर्त - आपके पुरे परिवार को सप्त कु-व्यषन से दूर रहना होगा, कु-व्यषन का त्याग करना होगा । तीसरी शर्त - घर के सभी सदस्य संस्कारी हो, और उनकी वाणी में मिठास हो, अप्रिय भाषा न बोले, हितकारी बोले, थोड़ा बोले, अच्छा बोले, और सत्य बोले ।

लक्ष्मीजी ने कहा - अगर आप मेरी तीनो शर्ते मंजूर रखते हो तो, सत्यनाराणयजी मुझे आपकी दोनों शर्ते मंजूर रहेगी । में भले ही चंचल हूँ, परंतु में कभी आपके घर से वापस नहीं जाऊँगी, और न ही में आपके परिवार में, क्लेश का वातावरण बनाउंगी ।

आप मेरी बात को समझ रहे होंगे, लक्ष्मी चंचल है, ये पूजा करने से, या जाप करने से, या चोपड़े में, बही खाते में पूजा करने से, रुकने वाली नहीं है । न ही घर, दुकान, ओफिस की साफ सफाई से इसे रोक सकते है । अगर रोकना है तो लक्ष्मीजी की तीनो शर्तो का पालन करना होगा । माता-पिता, गुरु के प्रति आदर भाव, सप्त कु-व्यषन से दुर और सत्य एवँ मीठा बोले, बस लक्ष्मी आपके यहाँ निवास करनेवाली है । आप इन तीनों बातों को हृदय में उतारे, लक्ष्मी आपके पास ही रहेगी, कहीं जाने का नाम नहीं लेगी, और पुण्य के बंध से प्राप्त हुयी लक्ष्मी, आपको शिव लक्ष्मी प्राप्त कराकर ही रहेगी, मन में धीरज, धेर्य, और धर्म श्रद्धा रखने वाले ही, शिव लक्ष्मी को प्राप्त कर सकते है । अपने घर का नाम लक्ष्मी निवास रखने से लक्ष्मीजी का उस घर में वास हो यह जरूरी नहीं है ।

**भक्ति भाव !**

**तैरने की ताकत पानी में नहीं नाव में है,**
**चलने की ताकत पाँवों में नहीं उछाव में है ।**
**बहुरंगी वस्तुओं में क्या धरा है भाई,**
**भक्ति की महिमा, वस्तु में नहीं भाव में है ।।**

**स्वाध्याय !**

**अध्ययन से आत्मा को, शक्ति मिला करती है,**
**प्रार्थना से परमात्मा की, भक्ति मिला करती है ।**
**स्वाध्याय तो अकेले पन का साथी है सच्चा,**
**इसे पाकर अंतर की कलियाँ खिला करती है ।।**

# અહંકાર એ તો અધૂરાપણાની નિશાની છે

હરિભાઈ કોઠારી

यदा किंचिज्ज्ञोऽहं द्विप इव मदान्धः समभवं
तदा सर्वज्ञोऽस्मीत्यभवदवलिप्तं मम मनः ।
यदा किंचित् किंचित् बुधजनसकाशादवगतम्
तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्यपगतः।।

'જ્યારે હું બહુ જ થોડું જાણતો હતો ત્યારે હું હાથીના જેવો મદાંધ થઈ ગયો હતો. એ વખતે હું સર્વજ્ઞ છું એમ મારા મનને ગર્વ હતો, પણ જ્યારે ડાહ્યા માણસો પાસેથી કંઈક થોડું-થોડું જાણવા લાગ્યો ત્યારે હું મૂર્ખ છું એમ સમજી તાવ જેવો મારો મદ નીકળી ગયો.'

આ શ્લોકના સંદર્ભમાં ફારસીનું એક સુવચન વિચારવા જેવું છે. 'જે જાણતો નથી અને પોતે જાણતો નથી એની તેને જાણ નથી તે મૂર્ખ છે, તેને તગેડી મૂકો. જે જાણતો નથી અને પોતે જાણતો નથી એની તેને જાણ છે તે બાળક છે, તેને શીખવો. જે જાણે છે અને પોતે જાણે છે એની તેને જાણ નથી તે નિદ્રાધીન છે, તેને જગાડો. જે જાણે છે અને પોતે જાણે છે એની તેને જાણ છે તે ડાહ્યો છે, તેને અનુસરો.'

મૂર્ખ, બાળક, નિદ્રાધીન તેમ જ ડાહ્યા માણસને પણ અતિક્રમી જાય એવો એક પાંચમો વર્ગ છે કે જે નથી જાણતો છતાં એમ માને છે અને મનાવે છે કે પોતે બધું જ જાણે છે તે દાંભિક છે. આવા મિથ્યાભિમાનીથી પ્રભુ જ સૌને બચાવે. જોકે આ પ્રકારનો દંભ કાયમ નથી ટકતો. મોડોવહેલો એ દંભનો પડદો ચિરાઈ જાય છે. અંગ્રેજી લોકોક્તિ છે કે, 'તમે કેટલાંક માણસોને કાયમ માટે મૂર્ખ બનાવી શકો, બધા જ માણસોને થોડા સમય માટે મૂર્ખ બનાવી શકો; પણ તમે બધા જ માણસોને કાયમ માટે તો મૂર્ખ ન જ બનાવી શકો.

યુકેમાં એક સજ્જન મને મળવા આવ્યા હતા. તેમણે મને કૉન્વેન્ટ્રીમાં પ્રવચન આપવા નિમંત્રણ આપ્યું. અંગ્રેજીમાં હું વ્યાખ્યાન આપીશ કે નહીં એ બાબત પૂછતાં મેં તેમને કહ્યું, 'ગુજરાતી કે હિંદી જેટલી ફાવટ અંગ્રેજીમાં નહીં આવે, પરંતુ જેમને સમજણ ન પડે એ પછીથી અંગ્રેજીમાં પ્રશ્ન પૂછી શકે એવું ગોઠવી શકાય. મારી નિખાલસ કબૂલાત તેમને સ્પર્શી ગઈ. એ પ્રમાણે જ ગોઠવાયું અને કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો. પછી એકાંતમાં તેમણે મને એક વાત કહી કે, 'હરિભાઈ, તમારી માફક અહીં ઘણાં શાસ્ત્રીઓ અને સ્વામીઓ આવે છે. તેમને પણ તેમની ભાષાની ફાવટ વિશે પૂછું ત્યારે તેઓ સરસ અંગ્રેજી જાણતા હોવાની ડંફાસ હાંકે છે અને પછી એવું કઢંગું અંગ્રેજી બોલે છે કે આપણને આપણા દેશની દયા આવે.'

અંગ્રેજી ન ફાવવું એ ગુનો નથી, ઘણી ભાષાઓ બોલવાનું આપણને નથી ફાવતું, પરંતુ ખોટો દંભ કરીને મોટાઈ મેળવવાનો આપણો પ્રયાસ આપણી લઘુતાના જ દર્શન કરાવે છે.

જ્ઞાનસાગર તો અફાટ છે. એનો તાગ પામવો એ કોઈને માટે શક્ય નથી. 'બહુરત્ના વસુંધરા' મા ધરિત્રીએ અનેક નરરત્નો પેદા કર્યા છે એ વાત ધ્યાનમાં આવે તો પોતાની સ્વલ્પ શક્તિનો અહંકાર ક્યાંય ઓગળી જાય. 'વ્યાસોચ્છિષ્ટં જગત્સર્વં' આખું જગત વ્યાસનું ઉચ્છિષ્ટ છે. વ્યાસસાહિત્ય વાંચ્યા પછી તો ભલભલા જ્ઞાનીનો ઘમંડ પણ ઊતરી જાય. વ્યાસને વાંચેલો માણસ કદી કોઈ જ વિચારને પોતાનો મૌલિક વિચાર ઠરાવવાનું દુઃસાહસ નહીં કરે. જ્ઞાનસાગર જેવા મહર્ષિઓનું વૈચારિક સાંનિધ્ય જેને સાંપડે છે તેને પોતાનું જ્ઞાન તો બિંદુ જેવું સ્વલ્પ ભાસે છે. અહંકાર એ તો અધૂરાપણાની નિશાની છે.

શ્રેષ્ઠ જ્ઞાનીઓના સહવાસમાં આપણો વિદ્યામદ તાવની માફક ઊતરી જાય છે. આમ પણ જ્ઞાનને ઘમંડ જોડે નથી જામતું. વિદ્યા વિનયથી શોભે છે.

# જીંદગીનો છેડો

નીતા કોટેચા ''નિત્યા''ઘાટકોપર

વર્ષોથી સાંભળતા આવ્યા છે કે દુનિયાનો છેડો ઘર, પણ એને બદલે એમ પણ કહેવાય કે જીંદગીનો છેડો ઘર.

ઘ = ઘડપણમાં

ર = રહેવાનું સ્થાન

એટલે ઘર.

કારણ વૃદ્ધાવસ્થામાં જો પોતાનું ઘર ન હોય તો પારકાઓના બનાવેલા વૃદ્ધાશ્રમમાં જાવું પડે છે, માનવી ઘર શું કામ બનાવે છે, કારણ દિવસના અંતે તે ઘરે આવીને શાંતિથી બેસી શકે. જ્યાં એને કોઈ પણ ટેન્શન ન હોય, પણ હકીકતમાં એ દિવસના અંતે નહિ પણ ઉમરનાં અંતની જરૂરીયાત છે. કારણ આજ કાલ તો ભાડા નાં મોટા ઘરમાં રહેવાની ફેશન ચાલી છે, પણ પોતાનું ઘર જ સ્વર્ગ સમાન લાગે છે, પિયરમાં ૨૫ વર્ષ રહેલી દીકરી પણ ૨૫ દિવસ સાસરામાં રહે તો એ એને પોતાનું ઘર કહેવા લાગે છે. પછી પિયર એ મમ્મીનું ઘર થઈ જાય છે અને સાસરું એ મારું ઘર બની જાય છે. માનવ માત્ર ને ''મારું, પોતાનું'' આ બધા શબ્દોથી બહુ જ લગાવ હોય છે.

ઓફિસના કામ કાજથી લોકોને હવે બધી સુખ સગવડતા અપાય છે. ૭ સ્ટાર હોટેલમાં ઉતારો અપાય છે. એક રૂપિયાનો ખર્ચો નથી હતો, પણ છતાં એ વ્યક્તિ જ્યારે ઘરે આવે છે અને કુટુંબ સાથે પગ લાંબા કરીને બેસે ત્યારે એના મોઢામાંથી શબ્દો સરી પડે છે કે હાશ આજે શાંતિ મળી. કેમ? કારણ ત્યાંના લોકો આપણા હોય છે. ત્યાં આપણે ખોટું ખોટું હસવું નથી પડતું, ત્યાં આપણે ઈસ્ત્રીવાળા કપડા પહેરીને ટટ્ટાર ઉભા રહીને વાતો નથી કરવાની કે પછી ત્યાં કોઈ ફક્ત આપણા કામ ને જ નથી જોતું હોતું, નિસ્વાર્થ પ્રેમ હોય છે. કદાચ આ બધું બધાના ઘરમાં ન પણ હોય, પણ જો આ બધું ન હોય તો એ ઘર જ નથી કહેવાતું.

પોતાના ઘરમાં મુસ્કાન હોય પોતાના ઘરમાં શાંતિ હોય, અને પોતાના ઘરમાં પોતાપણું હોય તો જ એ ઘર કહેવાય છે. બાકી તો ચાર દિવાલનું ખોખું કહેવાય છે, એમાં કેટલી પણ સુખ સુવિધા હોય કેટલું પણ રાચરચીલું હોય પણ જે ઘરમાં રાત પડે આવવા માટે ત્રાસ થતો હોય એને ઘર ન કહેવાય,

એક વૃદ્ધાશ્રમમાં જવાનું થયું, ત્યાં એક મોટી ઉંમરના માજી હતા, બસ એમ જ એમની બાજુમાં ખુરસી નાખીને હું બેઠી, એકાદ બે વાર મુસ્કાનની આપ લે થઈ, મારે કશું પૂછવું નહોતું એટલે હું ચુપ રહી. કારણ કોઈનો ઘાવ ભરી ન શકીએ તો કંઈ નહિ પણ કોઈના ઘાવ પર મીઠું તો ન જ ભભરાવીએ, એમ વિચારી હું ચુપ હતી, લગભગ અડધો કલાક થયો એની વચ્ચે મેં એમને મારા મોબાઈલમાં થી બે ચાર જોક્સ સંભળાવ્યા, તેઓ ખુબ હસ્યા, મને ગમ્યું, છેલ્લે મેં કહ્યું ચાલો, હું રજા લઉં, પછી મળીએ. મને કહે આવતા જન્મમાં મારો દીકરો કે વહુ બનીને આવીશ મારી જિંદગીમાં? મારા રુવાડા ઉભા થઈ ગયા, હું પાછી બેસી ગઈ અને હવે એમણે બોલવાનું શરૂ કર્યું.

નાનેથી મોટો કર્યો દીકરાને, વહુ લઈ આવ્યા, હવે એને હું નડું છું. કારણ હવે મારા હાથમાંથી કોળીયો પડી જાય છે, કારણ હવે કદાચ મારા લીધે એમના બાળકોને કોઈ ચેપ લાગે તો કારણ હવે એમના ફ્રેન્ડસ સામે એમનું ખરાબ લાગે,

હું ચુપચાપ સાંભળતી હતી ત્યાં પાછા તે બોલ્યા દીકરો અને વહુ બંને મુંબઈની મોટી હોસ્પિટલમાં ડોક્ટર છે, પણ અહિંયાં મને તાવ આવે તો મારે ચાર દિવસ ડોક્ટરની રાહ જોવી પડે છે, જે ઘરમાં રહે છે એનાં પૈસા એના બાપુજી એ લીધેલા ઘરને વેચીને આવ્યું છે પણ મને કહેવામાં આવ્યું જ નહિ અને ઘર વહુના નામનું કરી દીધું, પણ હું કઈ ન બોલી કારણ મારે ક્યા ઘરને બટકા ભરવાનાં હતા, જ્યાં

પ્રેમ જ ન હોય ત્યાં રહીને પણ શું કામ? પણ અફસોસ એક જ વાતનો છે કે જ્યારે આપણું લોહી આપણું ન થાય ત્યારે પારકી જણીનો શું અફસોસ કરવો, છેલ્લે હું જ નીકળી ગઈ. કારણ ઘરમાં મને લાગતું જાણે હું જીવંત છું જ નહિ, મારી બાજુમાંથી બધા ચાલ્યા જતાં પણ મારી હારે કોઈ વાત ન કરતા, મને મારું અપમાન લાગતું એટલે હું નીકળી ગઈ અને હવે સ્વમાનથી જીવું છું. આ જ મારું ઘર છે.

હવે એ લોકો ક્યારેક આવે તો હું મળવાની નાં પાડી દઉં છું આવા જણ્યા કરતા વાંઝણી હોત તો સારું થાત'' જ્યારે એક માતાનો આવો ઉકળાટ સાંભળું ત્યારે હૃદય દ્રવી ઉઠે કે કેમ વડીલો ને કોઈ સમજતા નથી. ત્યાં એ બોલ્યા તું મને મળવા આવીશ? મેં હા પાડી તો તરત તે બોલ્યા ક્યારે? મેં કહ્યું આવતા અઠવાડિયે, તેઓ આંગળીના વેઢે દિવસો ગણવા લાગ્યા એમ થયું કે ત્યાં જ રહી જાવ. કેટલા એ લોકો અહિયાં છે જેમને ફક્ત હુંફ જ જોઈએ છે, બીજું કઈ જ નહિ.

કેટલી મહેનતથી ઘર બનાવ્યું હોય પણ જો વૃદ્ધાશ્રમમાં રહેવું પડે એમને કેટલું દુઃખ થાતું હશે. એ તો ફક્ત એ જ જાણતા હશે. એમને ભણાવવા માટે કેટલી મહેનતો કરી હશે, કેટલા દેણા કર્યા હશે અને કેટલા લોકો પાસે હાથ લંબાવ્યા હશે, પણ આજે એ જ ભણતરનાં જોરે જ્યારે બાળકો વડીલો ને એકલા મુકે છે કે પછી ક્યાંક બાળકો સારા હોય તો વડીલો ન સમજતા હોય તે બધા ને જ ઘર ન કહેવાય.

ઘરને ઘર બનાવો, ઘડપણમાં માતા પિતાને શાંતિ મળે એવું રહેવાનું સ્થાન બનાવો, કારણ ભગવાન ને નહિ પૂજો તો ચાલશે પણ ઘરના બધા એકમેકને સમજે તો ઘરની દીવાલો પણ હસતી લાગશે,

એકવાર એક ઠેકાણે વાંચ્યું હતું

''એક સમય હતો જ્યારે આપને ઘરનો ખૂણો શોધતા હતા ને આજે એવો સમય છે કે ખૂણો આપણને શોધે છે,'' કોઈક ને કોઈક ઋણાનુંબધનનાં હિસાબે જ બધા એક બીજાને મળ્યા છે, તો એકબીજાને માન આપીને બધા એકબીજાને સુખ શાંતી આપે એ જ પ્રભુ પ્રાર્થના, કારણ ઘર કેટલું મોટું છે એ જીવવાનું સાધન નથી, પણ એ ઘરમાં લોકો એક બીજાને હૂંફ આપે છે કે નહિ એ મહત્વની વાત છે. ઈંટ, રેતીને સિમેન્ટથી તૈયાર કરેલું મકાન ઘર ક્યારે કહેવાય છે? એમાં રહેનારાં બધાં પ્રેમપૂર્વક રહેતાં હોય, બીજાના દુઃખે દુઃખીને બીજાના સુખે સુખી થતાં હોય, કમાયેલો રોટલો વહેંચીને ખાતાં હોય, ઘોંઘાટમાં નહિ પણ કિલ્લોલમાં રાચતા હોય, લેવામાં નહિ પણ આપવામાં રાજી રહેતાં હોય, અડોશી-પડોશીને પ્રેમ કરતાં હોય, પ્રામાણિક વ્યવહાર કરતાં હોય, દેશદાઝથી ઝળહળતા હોય, વૈભવને બદલે સાદાઈ અપનાવીને સુખના ઓડકાર લેતાં હોય ત્યારે એ મકાન ઘર થયું કહેવાય. સંપ, સંસ્કાર, સાદગી, સંસ્કારોથી ભરપુર સંપતિ અને વડીલો માટે મર્યાદા હશે એ ચાર દીવાલોને જ કહેવામાં આવશે.

એક માં નો દીકરાને પત્ર.

મારું છે કે તારું એ ખબર નથી,<br>
આ ફક્ત ઘર છે એ ખબર છે મને,<br>
હું તારી છું, ને તું મારો, એ ખબર છે મને,<br>
પણ એ ઘરમાં આપણાં પહેલા જેવા સબંધો,<br>
રહેશે કે નહિ એ ખબર નથી મને.<br>
હું તો ખરતું પાન છું એટલું ખબર છે મને,<br>
કાલે આરામખુરસી એકલી જુલતી હશે,<br>
પણ આ દીવાલો પર માથું ટેકવજે.<br>
તને હૂંફ મળશે એ ખબર છે મને.<br>
હું મરું ત્યારે મારી પાસે ન આવતો,<br>
કદાચ તને ધંધામાં કોઈ નુકશાન ન થઈ જાય,<br>
પણ તારી આંખમાં આંસુ કદાચ ખોટા હોય,<br>
પણ હું જોઈ નહિ શકું એ ખબર છે મને.

# "લાલ રંગનું સામ્રાજ્ય"

**પુષ્પા કિશોર ગાલા**

લાલ રંગ ભારતીય સંસ્કૃતિનો અને ઉત્સવનો અભિન્ન હિસ્સો છે. લાલ ગુલાલ વિના હોળી અને ઘુળેટી અધુરી લાગે, નવરાત્રીમાં પણ માતાજીની ચુંદડી, છબી, ગરબો અને ગીતો ''માડી તારૂ કંકુ ખર્યુ ને સુરજ ઉગ્યો'' અને લગ્નની કંકોત્રીમાં વપરાતી શાહીનો કલર લાલ અને નવવધુનો ઘરચોળો લાલ, મહેંદી નો કલર લાલ અને દિવાળીમાં લક્ષ્મી પુજન કરવા ટાઈમે લાલ કમળ પર લાલ વસ્ત્ર પહેરેલા લક્ષ્મીજી ને લાલ આસન પર બેસી લાલ કંકુથી તિલક કરી લાલ પુઠાવાળી બુકમાં સાથિયો કરાય છે.

પ્યારમાં પણ લાલ રંગને વધુ મહત્ત્વ અપાયું છે વેલેન્ટાઈન ડે ના વધારે લાલ રંગ પહેરે છે અને લાલ ગુલાબ આપે છે. દિલનો કલર લાલ હોવાથી ફુગ્ગા પણ લાલ કલરના હોય છે લોહીનો કલર લાલ હોવાથી અને મા-દિકરા વચ્ચે અને બાપ-દિકરા વચ્ચે લોહીનો સંબંધ હોવાથી બાળકને ''લાલ'' એવા હુલામણા નામથી બોલાવીએ છીએ. લાલ રંગ ખાલી રોમાંસ અને ઉન્માદનું નથી ખતરાનું પણ છે.

કોલસાથી ધાતુ સુધી વધુ ગરમ બની જતા લાલ થઈ જાય છે. ગુસ્સાથી માણસ લાલચોળ થઈ જાય છે અને ખુની ક્યારેક લોહીવાળા હાથે પકડાય તો કહીએ છીએ કે રંગે હાથ પકડાયો. લાલરંગથી ગાય પણ ઘણી વખત ડરીને ગભરૂ બને છે. ટાઈમ બોમ્બ કે અણુબોમ્બનું બટન પણ લાલ રંગનું જ હોય છે. રેલગાડી રોકવા પણ લાલ રંગનુ સિગ્નલ બતાડે છે. લાલ કલરની લિપસ્ટીક અને નેલપોલિસ લગાડેલી માનુની પુરુષ માટે ખતરાની ઘંટી બને છે.

આપણે ક્યારેય વિચાર્યું કે સુર્ય ઉગવા ટાઈમે અને આથમવા ટાઈમે આજુબાજુ આકાશ લાલ થઈ જાય છે કારણ કે અન્ય રંગના કિરણો વિખરાઈ જાય છે. જ્યારે લાલ રંગ એટલો સ્ટ્રોંગ હોય છે. કે દુરથી પણ આપણને દેખાય છે.

રસોઈને સ્વાદિષ્ટ બનાવતું મરચું પણ લાલ રંગનું હોય છે. સાન્તાક્લોઝની ટોપીનો કલર પણ લાલ હોય છે. જરા આસપાસ નજર કરી આ લાલરંગનું ચેતનવંતુ સામ્રાજ્ય પારખવાની કોશિષ કરજો. લાલ રંગ ટપાલપેટીનો કાયમી રંગ છે તો શહેરમાં ફરતી ડબલ ડેકર બસનો કલર લાલ છે. મલ્ટીપ્લેક્સ થિયેટરોમાં પણ રેડ કારપેટવાળા થિયેટરો બને છે જેમાં લાલ કલરની ખુરશીઓ હોય છે. રૂબીનો કલર લાલ છે. એમ્બ્યુલન્સ પર અને ડૉ.ના બોર્ડ પર અને મેડિકલ સ્ટોર પર લાલ રંગની ચોકડીનું નિશાન હોય છે. મસ્તીની મહેફિલમાં પણ લાલ કલરની વાઈનની છોળો ઉડે છે. તો અચાનક ઓળી અછબડાના લાલ ડાઘ થઈ પજવે છે. ટ્રાફિક લાઈટ રિમોટ કંટ્રોલ એલ.ઈ.ડી સુધી લાલ રંગ આપણો પીછો કરે છે.

કહેવાય છે ટ્રોયલડાઈ પછી પાછા ફરેલા રાજા આગામેમ્નના દેવતાઈ લાલ જાજમ બિછાવી હતી એટલે જ સ્પેશિયલ ટ્રીટમેન્ટને રેડ કાર્પેટ ટ્રીટમેન્ટ કહેવાય છે. દિલ્હીનો કિલ્લો પણ લાલ કિલ્લા તરીકે ઓળખાઈ છે. ક્રિકેટરોનો સિઝન બોલ પણ લાલ કલરનો હોય છે.

ઘણી વખત કોઈ પોતાના વખાણ કરે તો આપણે કહીએ છીએ પોતાની લાલ કરે છે. કોઈ મોટી ઉંમરની સ્ત્રી ન શોભતી ફેશન કરે તો આપણે કહીએ ''બુઢી ઘોડી લાલ લગામ'' અરે ધરતીની માટીનો કલર પણ લાલ તેથી માટીના વાસણ પણ લાલ અને કોઈ ગોરીનો નાથ જ્યારે પાન ખાઈ પિચકારી મારે ત્યારે પિચકારીનો કલર પણ લાલ અને હોઠનો કલર પણ લાલ. કોઈનું મૃત્યુ થયું હોય ત્યારે પણ વ્હાઈટ કફન પર ચુંદડી અથવા ઘરચોળુ લાલ કલરના ઓઢાડવામાં આવે છે. આમ લાલ રંગ જન્મથી મૃત્યુ સુધી. પ્રેમથી ડર સુધી અને સાવધાનીથી શોખ સુધી, બધી જ જગ્યાએ લાલ કલરની લંગાર છે જેમ લંગાર વિના વહાણ અધુરૂ છે એમ લાલ રંગ વિના આપણી જીંદગી અધુરી છે.

*અંતમાંઃ*

એક ઝાડ માથે ઝુમખડું, ઝુમખડે રાતા ફુલ,  
ભમર રે રંગ ડોલરીયો.  
એક ડાળ માટે પોપટડો, પોપટડે રાતી ચાંચ,  
ભમર રે રંગ ડોલરીયો.  
એક પાળ માથે પારેવડુ, પારેવડે રાતી આંખ,  
ભમર રે રંગ ડોલરીયો.  
એક મોલ માથે મરઘલડો, મરઘલડે માંજર લાલ,  
ભમર રે રંગ ડોલરીયો.  
એક બેન માથે સેંથલિયો, સેંથલિયે લાલ સિંદુર,  
ભમર રે રંગ ડોલરીયો.  
એક માતા કાંખે બાળકડુ, બાળકડે રાતા ગાલ,  
ભમર રે રંગ ડોલરીયો.  
એક પોડ માથે પાળિયો, પાળિયે લાલ સિંદુર,  
ભમર રે રંગ ડોલરીયો.  
એક સિંધુ પાળે સાંજલડી-સાંજડિયે રાતા હોજ,  
ભમર રે રંગ ડોલરીયો.

*ઝવેરચંદ મેઘાણી*

# લિયો ટૉલ્સ્ટોય : એક સાચા લોકશિક્ષક

**શાંતિલાલ નાયક**

**લિયો ટૉલ્સ્ટોય : એક સાચા લોકશિક્ષક**

લિયો ટોલ્સ્ટોય એક રશિયન ચિંતક અને મહાત્મા હતા. રશિયન પ્રજામાં નવજીવનનો સંચાર કરવામાં મહાત્મા ટૉલ્સટોયનો ફાળો અમૂલ્ય છે. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જીવન પર તેમની ઘણી અસર હતી. એવા ટોલ્સ્ટોયના જીવનનો એક પ્રસંગ છે, જે એ મહાત્મા એક સાચા લોકશિક્ષક હતા તેની પ્રતિતી કરાવે છે.

ટ્રેલા શહેરની નજીકના ગામડામાં એક વૃધ્ધ ખેડૂત રહેતો હતો. તેને મળવા એક દિવસ ટૉલ્સ્ટોય તેને ઘેર ગયા. તેની સાથે ઘણીક રસપ્રદ વાતો ટૉલ્સ્ટોયએ કરી. પેલા ખેડૂતને, ટૉલ્સ્ટોયને એક પ્રશ્ન પૂછવાની ઈચ્છા હતી. પણ તે મનમાં મૂંઝાતો હતો. છેવટે તે બોલ્યોઃ ''સાહેબ, હું આપને એક સવાલ પૂછું તો આપ ગુસ્સે નહિ થશોને?''

''ના રે, ગુસ્સે શા માટે થાઉં? તમે પૂછો, હું ખુશીથી જવાબ આપીશ.''

''તમે કદી દેવળમાં જતા નથી અને પ્રાર્થના કરતા નથી, એ વાત ખરી છે?''

''હું દેવળમાં જતો નથી; પણ પ્રભુની પ્રાર્થના તો હું દરરોજ કરું છું.''

''દેવળમાં ગયા વિના આપ પ્રાર્થના કેવી રીતે કરો છો?''

''ભાઈ, પ્રાર્થના તો એકાંતમાં જ સારી. બાઈબલમાં પણ એમ જ કહ્યું છે, મને એકાંતમાં શાંતિ મળે છે.''

''હવે બીજો સવાલ પૂછું?''

''જરૂર પૂછો.''

''સાહેબ, મરી ગયા પછી આપણી શી ગતિ થતી હશે? યમરાજાના અને નરકની યાતનાના દુઃખદ વિચારથી મારા હાંજા ગગડી જાય છે.'' ટૉલ્સ્ટોયે તેને કહ્યુંઃ ''મરણ પછી જીવનની શી ગતિ થાય છે તે જાણવાનું કોઈ સાધન નથી; પણ નરકની યાતનાઓ ઉપર મને વિશ્વાસ નથી. ધારો કે તમારા દીકરાએ તમારો કોઈ ગુનો કર્યો હોય તો, શું તમે તેનો બદલો લેવા તેને ઉકળતા તેલમાં નાખશો? અથવા લોઢાના કાંટાવાળા કોરડાથી તેને ફટકારશો? તમારા સંતાનના એવા હાલ તમારાથી થઈ શકશે?''

બે હાથો વડે આંખો ઢાંકી દઈ તે વૃદ્ધ બોલ્યો. ''સાહે...બ, એવું ના બોલો! કોઈ બાપ પોતાના દીકરાના આવા હાલ ન કરે. એવાં દુઃખ પડતાં નજરે જોઈ શકે એવો બાપ કોણ હોય?

''તો પછી ભાઈ, પ્રભુ આપણો પિતા છે. આપણા એવા હાલ તે જોઈ શકે નહિ. આપણા કરતાં તેનું હૃદય અનેકગણું સુકોમળ છે. પોતાનાં સંતાનોને દુઃખી થતાં તે ઝાઝો સમય જોઈ ન શકે.''

પેલો વૃદ્ધ ખેડૂત એકદમ ઊભો થઈ ગયો. તેના કરચલીવાળા ચહેરા પર આનંદની રેખાઓ ચમકી ઊઠી. તેણે કહ્યુંઃ ''સાહેબ, આપનો ખૂબ ખૂબ આભાર! આ સવાલ મને રોજ મૂંઝવતો હતો. નરકની યાતનાના ભયથી હું ધ્રૂજી ઊઠતો. આજે આપના જવાબથી મારી બધી બીક અને ભ્રમણા દૂર થઈ ગઈ. મને ખૂબ શાંતિ અને સંતોષ મળ્યાં છે.''

ટૉલ્સ્ટોયની ઉત્તરાવસ્થામાં આવા અનેક પ્રસંગો બનતા અનેકના તેઓ શાંતિદાતા બનતા. ખેડૂતો જ નહિ, તેમનાં પુસ્તકો વાંચીને દોડી આવતા અનેક વિદ્યાર્થીઓ, મધ્યમ વર્ગનાં શિક્ષિત ભાઈ-બહેનો સૌ તેમની પાસે પોતાની મૂંઝવણ રજૂ કરતાં અને તેનો ખુલાસો મેળવી સંતોષ સાથે પાછાં ફરતાં. આમ તેઓ સાચા લોકશિક્ષક બન્યા હતા.

# માણસ ધારે

ગુણવંત શાહ



શક્ય અને અશક્ય વચ્ચે તફાવત શું ? જે શક્ય છે એ આપણાથી દૂર છે. પરંતુ એટલું દૂર નથી કે જ્યાં આપણા હાથ ન પહોંચે. અશક્યની વાત જરા જુદી છે. એ ખાસ્સું દૂર છે અને આપણને લાગે છે કે ત્યાં સુધી આપણા પ્રયત્નો પહોંચે એમ નથી. આવું માની લઈને હારી જવું એ આપણામાં પડેલી અપાર શક્યતાનુ અપમાન ગણાય. એવા તો કેટલા કિસ્સા બન્યા છે, જેમાં અશક્ય જણાતી બાબત માણસના પરાક્રમને કારણે શક્ય બની છે. પ્રભુને પરાક્રમી માણસો પ્રિય હોય છે.

શિવકુમાર ગોયેલે એક પ્રસંગ લખ્યો છે. બિહારના એક ગામમાં હજારી નામનો એક કિસાન રહેતો હતો. એક સંત ગામમાં પધાર્યા ત્યારે હજારી એમનાં દર્શન કરવા પહોંચી ગયો. હજારીએ હાથ જોડીને સંતને કહ્યું: 'મહારાજ, ગામની આસપાસ સર્વત્ર દુકાળ જેવી પરિસ્થિતિ છે. પીવાનું પાણી દૂર દૂરથી લાવવું પડે છે. શું કોઈ યજ્ઞ કરીને આવા અભિશાપને દૂર ન કરી શકાય ?'

સંત એકાદ મિનિટ માટે શાંત થઈ ગયા અને પછી એમણે હજારીને કહ્યું: 'આપણાં શાસ્ત્રોમાં લખ્યું છે કે આંબા અને જાંબુનાં વૃક્ષો વાવીને તથા કૂવા ખોદીને અનેક યજ્ઞોનું ફળ પ્રાપ્ત કરી શકાય છે. તું આવો યજ્ઞ કરીને અજમાવી તો જો.'

હજારી તો પોતાના પરિવારનો સાથ લઈને કામે વળગી પડ્યો. એની નિષ્ઠાને કારણે કેટલાય કૂવા ગામેગામ તૈયાર થયા. હજારી તો એના દીકરાઓ અને દીકરાના દીકરાઓને લઈને ગામડે ગામડે જવા લાગ્યો. એણે પોતાની મહેનત કામે લગાડીને આંબાનાં ઘણાં વૃક્ષો રોપવામાં સફળતા મેળવી. લોકો જોતાં રહી ગયા.

યજ્ઞ થયો, પણ જુદા પ્રકારનો ! વૃક્ષોની વસતિ વધી અને ધરતી લીલીછમ બની. પશુ-પક્ષીઓને આશરો મળ્યો અને ગામલોકોને કેરી મળી. નહીં હોમ-હવન અને નહીં મંત્રોચ્ચાર ! નહીં ઉઘરાણું અને નહીં દાનધરમ ! નહીં બ્રાહ્મણ અને નહીં યજમાન ! આવા યજ્ઞને પરિણામે આખા વિસ્તારમાં આંબાનાં વૃક્ષો ડોલવા લાગ્યાં. એક સંતના આશીર્વાદ અને સાવ સામાન્ય માણસનો શ્રમયજ્ઞ !

હજારી મૃત્યુ પામ્યો, પરંતુ લોકોનાં હૃદયમાં એ જીવતો રહ્યો. લોકોએ એ કિસાનની યાદમાં સમગ્ર પંથકને 'હજારીબાગ' કહેવાનું શરૂ કર્યું. આજે હજારીબાગ જિલ્લો બિહારનો જાણીતો જિલ્લો ગણાય છે. તમે દુનિયામાં ગમે ત્યાં જાવ, પરંતુ ક્યાંય તમને કોઈ અજાણ્યા કિસાનના નામ સાથે જોડાયેલો જિલ્લો જોવા નહીં મળે. જે પહોંચની બહાર જણાય એ અશક્ય નથી હોતું. પરાક્રમ હોય ત્યાં અશક્ય જણાય તે પણ શક્ય બને છે. નિરાશાની પળે હજારીને યાદ કરજો. પરાક્રમ કરનારને મદદ કરવા માટે પ્રભુ આતુર હોય છે.

માણસની ભીતર પડેલી શક્યતા જુવારના દાણા જેવી છે. ઘંટી પાસે ભોંય પર પડેલા એ દાણાને ખબર નથી હોતી કે એની ભીતર છોડ પર બેસનારાં કણસલાં સંતાઈને સૂતાં છે. વર્ષો પહેલાં વડોદરાની એમ. એસ. યુનિવર્સિટી'ની ફેકલ્ટી

ઑફ ઍજ્યુકેશન ઍન્ડ સાઈકૉલૉજીમાં હું પ્રાધ્યાપક હતો. બી.એડ.ના વિદ્યાર્થીઓ શહેરની માધ્યમિક શાળાઓમાં લેસન આપવા જાય ત્યારે વર્ગમાં પ્રાધ્યાપક પાછલી પાટલી પર બેસીને વર્ગશિક્ષણ જુએ અને વિદ્યાર્થીની જર્નલમાં સૂચનો કરે અને માર્ક (ગ્રેડ) આપે.

એક વિદ્યાર્થીનો પહેરવેશ લઘરવઘર હતો. લેસન જોવા પછી મેં જર્નલમાં નોંધ કરીઃ 'તમે વર્ગમાં ભણવા આવો ત્યારે તમારો પોશાક સુઘડ-સાફસૂથરો હોવો જોઈએ.' બીજા દિવસે એ વિદ્યાર્થી ફેકલ્ટીમાં મને મળવા આવ્યો. મને એણે ગરીબડે મોઢે કહ્યુંઃ 'સાહેબ, મારી પાસે સારું વસ્ત્ર ખરીદવાના પૈસા નથી. હું શું કરું?' મારી પાસે કોઈ જવાબ નહોતો. મારી ચણચણાટી મનોમન ચાલુ જ રહી. એ ગરીબ વિદ્યાર્થીને ફિલ્મી ગીતો ગાવાનો શોખ હતો. એનો કંઠ પણ પ્રમાણમાં સારો હતો. મેં (સનત મહેતાનાં પત્ની) અરુણા નાડકર્ણી પર એક ચિઠ્ઠી લખી. અરુણાબહેન એ વખતે 'જીવનસાધના' નામની નિશાળનાં આચાર્યા હતાં અને મારા ખાસ મિત્ર નવનીત દવે પણ અરુણાબહેનની સાથે હતા. નિશાળનાં બાળકો સમક્ષ એ વિદ્યાર્થીનો કાર્યક્રમ ગોઠવાયો અને એને રૂપિયા આઠનો પુરસ્કાર મળ્યો. વળી, ક્યાંક બીજો કાર્યક્રમ ગોઠવાયો અને રૂપિયા અઠ્ઠાવીસ મળ્યા. એમાંથી નવાં કપડાં પહેરીને એ ગરીબ વિદ્યાર્થી મારી સામે હાજર થયો. મારા હરખનો પાર ન રહ્યો.

આ વાત હું સદંતર ભૂલી ગયો હતો. 'અખંડ આનંદ'માં એક સુંદર પ્રથા શરૂ થઈ છે. વાર્તા, કવિતા કે લેખ લખનારનું સરનામું અને સાથે ટેલિફોન નંબર કૃતિની નીચે આપવામાં આવે છે. મારો મિત્ર રમણ રાંદેરથી ફોન કરીને લેખકને પોતાની પ્રસન્નતા અચૂક પહોંચાડે. એક સુદંર વાર્તા વાંચીને રમણે વડોદરામાં રહેતા એક વાર્તાલેખકને ફોન કર્યો. એમનું નામ વ્રજેશ વાળંદ. રમણે ફોન પર મારું નામ કહ્યું. ત્યારે વ્રજેશભાઈએ જણાવ્યુંઃ 'અરે! ગુણવંતભાઈ તો મારા ગુરુ થાય!'

વ્રજેશભાઈ વડોદરાના ઘરે મળવા આવ્યા. મને કશુંય યાદ નહોતું. એમણે મને ઉપરનો પ્રસંગ વિગતે કહી સંભળાવ્યો. એમના સુંદર વાર્તાસંગ્રહો પ્રગટ થયા છે. તમે એમની વાર્તાઓ જરૂર વાંચશો.

પ્રોફેસરની કરિયર દરમિયાન જે તેજસ્વી વિદ્યાર્થીઓ પ્રાપ્ત થાય તે કાયમ યાદ રહી જાય છે. શશિકાંત શાહ મૂળે સુરત જિલ્લાના માંડવી તાલુકામાં આવેલા બૌધાન ગામનો વતની. એણે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં મારા હાથ નીચે એમ.એડ. કર્યું અને પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાન મેળવ્યું. મારા જ ડિપાર્ટમેન્ટમાં રિસર્ચ ફેલો તરીકે જોડાઈને એણે મારા માર્ગદર્શન હેઠળ.પીએચ.ડી. કર્યું. એની ભીતર પડેલી શક્યતાને કારણે એ મારા ડિપાર્ટમેન્ટમાં લેક્ચરર અને પછી રીડર અને પછી પ્રોફેસર બની ગયો!

કાળક્રમ પ્રોફેસર શશિકાતં શાહ ડિપાર્ટમેન્ટના વડા બન્યા અને એ જ ખુરસી પર બેઠા, જે ખુરસી પર હું બેસતો હતો. 'ગુજરાતમિત્ર'માં શરૂઆત એમણે ચર્ચાપત્ર લખવાથી કરી અને પછી એમની કૉલમ શરૂ થઈઃ 'માણસ નામે ક્ષિતિજ.' એમની કલમમાં તેજ છે અને શિક્ષણજગતમાં પેઠેલા ભ્રષ્ટાચાર સામે શશિકાંતભાઈએ વ્હિસલ બ્લોઅરની ભૂમિકા અદા કરી છે. શશિકાંતભાઈની નિવૃત્તિ પણ રમણીય છે. સમગ્ર દક્ષિણ ગુજરાત એમને પ્રેમ કરે છે. મને એમના શિક્ષક હોવાનું ગૌરવ છે. આપબળે ઊંચે આવેલા શશિકાંતભાઈના જીવનમાંથી મને સમજાય છે કેઃ

**માણસ પોતાની પહોંચમાં હોય**
**તેટલું જ અંતર કાપે,**
**તો જે અંતર કાપવાનું બાકી રહી ગયું,**
**તે અંતરને લોકો પ્રમાદ કહે છે.**
**પ્રમાદ એટલે ઈશ્વર સાથે થયેલી છેતરપિંડી!**

**(સાભાર સર્જનહાર)**

# બીજાને યશ આપવાની કળાનો ઈશ્વરીય સંકેત

**લાલજી સર - મુલુન્ડ**

આપણી ભારતીય સંસ્કૃતિ જીવનના વિઘાતક પરિબળો સામે સતત જાગૃત રહી જીવનના ધ્યેયને સિદ્ધ કરવાનો આદેશ આપનારી સંસ્કૃતિ છે. 'તારા પ્રયત્નોમાં શિથિલ ન થતા, પ્રમાદ ન કરતાં ધ્યેયને હાંસલ કરવા લોહીનું પાણી કરજે. તારા પુરૂષાર્થમાં મંડ્યો રહેજે. પણ ધ્યેય પ્રાપ્તિ માટે પુરૂષાર્થ અને કર્તૃત્વ સાથે જાગૃતિ પણ જરૂરી છે. જોજે. આંખની પલક મારતો ધ્યેયપંથ ચૂકી ન જવાય' કહીને સતત જાગૃત રાખનારી ભારતીય સંસ્કૃતિ છે. સૂતેલાને બેઠો કરનારી, બેઠેલાને ઊભો કરનારી, ઊભેલાને ચાલતો કરનારી અને ચાલતા રહેલાને દોડતો કરનારી આ ભવ્ય પ્રેરણાદાયી સંસ્કૃતિ છે. 'કાળ પાણીની જેમ વધ્યે જાય છે. ક્યાં સુધી ઊંઘીશ? ઊઠ, ઊભો થા. હજુ મંઝિલ દૂર છે.' કહી ઢંઢોળીને જાગૃત કરનારી આપણી સંસ્કૃતિ છે અને તેનું પ્રતીક એટલે પ્રબોધિની એકાદશી, દેવઊઠી એકાદશી.

પ્રત્યેક કાર્ય ભગવાન પ્રીત્યર્થે થવું જોઈએ. આ આદર્શ સુધી સામાન્ય માણસ પહોંચી શકતો નથી. તેથી તેના પ્રતિક તરીકે જ્ઞાનીજનોએ કહ્યું: ''ઠીક છે, તું તેમ ન કરી શકે તો. પરંતુ તું કંઈ કરે તે પહેલા ભગવાનને યાદ તો કરજે. ભગવાનને આપજે, પછી તું પ્રસાદ તરીકે લેજે.' તે મુજબ આપણે આચરણ કરવા લાગ્યા. આપણે ઊંઘવું છે, તો પહેલા ભગવાનને ઊંઘાડ્યા, આપણે ઊઠવું છે, તો ભગવાનને પહેલા ઊઠાડ્યા. આપણે જમવું છે, તો ભગવાનને પહેલાં જમાડ્યા.

અષાઢી એકાદશીને દિવસે ભગવાન ઊંઘી ગયા, અને ચાર મહિનાની લાંબી ઊંઘ તાણી ભગવાન કાર્તિક એકાદશીએ ઊઠ્યા-જાગ્યા. ભગવાનની ઊંઘ ખરીને(!) વાસ્તવિક ભગવાન અને તે વળી ઊંઘે? તો પછી આ વિશ્વનો કારોબાર કેમ ચાલે? ભગવાનને વળી ઊંઘવુ શું અને ઊઠવું શું? પરંતુ એની પાછળ અતિ હૃદયંગમ ભાવ છે. એક ઉદાત્ત કાવ્ય છે, દિવ્ય જીવનદૃષ્ટ છે.

વર્ષાનો પ્રારંભ થતાં જ ભગવાન સૂઈ જાય છે, આપણે તેને ઊંઘાડીએ છીએ. ભગવાનને તેના દીકરાઓ પર અખૂટ શ્રદ્ધા છે. તેમને ખાતરી છે કે હું સૂઈ જઈશ તો પણ મારા દીકરા બધું વ્યવસ્થિત રાખશે. અને ભગવાન સૂઈ ગયા. સંભવ છે કે આપણી પરીક્ષા લેવા, જેમ રજાને દિવસે એકાદ તોફાની છોકરાને બાપ કહેઃ 'હું ઊંઘી જાઉં છું. તોફાન ન કરતો, ડાહ્યો થઈ ભણજે,' અને બાપ સૂઈ જાય. છોકરાં તોફાન મસ્તી કરે, ભાંગફોડ કરે-એમ સમજીને કે બાપા જાગશે પછી કાંઈ નહીં થાય. લાવો મોજ કરી લઈએ. અને કેટલાક વળી, બાપાએ પોતાનામાં મૂકેલા વિશ્વાસને સાચો કરી દેખાડવા હાથમાં પુસ્તક લઈ ભણવાનો દેખાવ કરવા બેઠા હોય, આપણું પણ આવું જ છે. આપણા પર ભરોસો રાખી ભગવાન સૂઈ જાય, પણ આપણે પેલા તોફાની છોકરાની જેમ બધું ભાંગફોડ કરી ખરડી મૂકીએ છીએ, અને કાં તો બાપાએ મૂકેલા વિશ્વાસને ખરો કરવા વ્રત જપ નિયમો લઈ ભગવદ્ કાર્યના દેખાવ કરીએ છીએ.

આપણી પ્રગતિ કેટલી થઈ તેનું માપ કાઢવા આપણા ઋષિઓએ લક્ષણાત્મક રીતે ભગવાનને સુવાડી દીધા. જવાબદારીથી વંચિત ન રહીએ, પ્રમાદી બની ન જઈએ, ભોગવિલાસમાં ડૂબ્યા ન રહીએ તેથી તેમણે કહી રાખ્યુંઃ 'જો જો હો ભગવાન પાછા ઊઠવાના છે, શું કાર્ય કર્યું, કેવું કાર્ય કર્યું તે પૂછવાના છે. એવું સરસ કરી દેખાડો, એવો સરસ કારોબાર સંભાળો કે ભગવાન ઊઠે ત્યારે એ જોઈ ખુશ ખુશ થાય. આપણી પીઠ થાબડે.' આવું પરિણામ લાવવા આપણા પૂર્વજોએ સુંદર કીમિયો અજમાવ્યો છે. માનવીને જવાબદારીનું ભાન કરાવવા સતત પ્રવૃત્તિશીલ અને પ્રગતિશીલ રાખવા ચાતુર્માસમાં જુદા જુદા વ્રતો અને નિયમોના આયોજનનું માળખું ગોઠવી આપ્યું છે.

બીજાએ કરેલા કાર્યના ફળની ક્રેડીટ પોતાના નામે અંકિત કરી લેવામાં આપણે પાવરધા છીએ. પોતે કરેલા કાર્યની ક્રેડીટ પોતાને જ મળવી જોઈએ. એવી અપેક્ષા સામાન્ય માનવી રાખી શકે. પણ કામ પોતે કરે અને ક્રેડીટ બીજાને આપે એ દૈવી અંશ ગણાય. ભગવાન આવું દૈવત્વ પ્રાપ્ત કરવાનો આડકતરો સંદેશ અહીં આપી જાય છે.

ઈશ સમર્પિત જીવનમાં જ્યારે ઈશની કૃપા ઊતરે છે, એના જીવનનો વૈભવ ખીલે છે ત્યારે ભાવભીનો થઈ કૃતજ્ઞતા વ્યક્ત કરે છે 'પ્રભુ, તારી કરૂણા અપાર છે, તેં કેટલું બધું આપી દીધું!' ત્યારે ભગવાન આ યશ પોતે ન લેતાં આપણને જ આપે છે.' ના રે દીકરા, આ બધુ તારા શ્રમનું પરિણામ છે, આ બધો તારા પુરૂષાર્થનો પ્રતાપ છે. મેં તો કાંઈજ કર્યું નથી. હું તો તે વખતે ઊંઘતો હતો! ભગવાનનો આ સંદેશ ઝીલી, બીજાને યશ આપવાની કળા અપનાવી ભગવાનની વધુ નજદીક જઈ શકાય છે. જો કે પ્રસિદ્ધિની ઝાંકઝમાળની વચ્ચે પણ એવા વીરલાઓ આજે પણ જોવા મળે છે કે તેઓ હંમેશા પડદા પાછળ રહીને મોટા મોટા કાર્યો કરે છે અને એનો યશ બીજાને અપાવે છે. આવા મૂઠી ઊંચેરા માનવીઓએ ખરેખર ઈશ્વરનો આ સંદેશ ઝીલ્યો હોય એવી ઉર પ્રતીતિ થાય છે. અથવા ઊલટી રીતે કહીએ તો આવા ઈશ-સંકેતો ઝીલીને તેઓ નોખી માટીના માનવી બની શક્યા છે.

આપણે પણ ઘણું ઊંઘ્યા. હવે આળસ ખંખેરી, જાગૃતિના કમાડ ખોલી પ્રબુદ્ધ બનીએ, જીવનમાં સાત્ત્વિક્તા નિર્માણ કરીએ. સ્વામી વિવેકાનંદના શબ્દોમાં કહીએ તો Awake, arise and stop not till the goal is reached. **(સાભાર સર્જનહાર)**

# સંપ

સદ્‌ગુરુવર્ય શ્રી દેવકૃષ્ણદાસજી સ્વામી

માનવ જીવનના મૂલ્યોમાં અસ્તિત્વ ટકાવી રાખવાની દૃષ્ટિએ જો કોઈ શ્રેષ્ઠ મૂલ્ય હોય તો તે સંપની ભાવના છે. સંપ ગુણની લાક્ષણિક્તા એ છે કે તેના અસ્તિત્ત્વ માટે બીજા સાથે સુમેળ અને આધાર રાખવો પડે છે. સમાજ, કુટુંબ, સંસ્થાની પ્રગતિ તેના સભ્યો વચ્ચે કેટલી સંપની એક્તા છે તેના ઉપર નિર્ભર છે. સંપ ધરાવતી વ્યક્તિ જ સમાજનું નેતૃત્વ કરીને સમાજમાં સંપનું આદાન-પ્રદાન કરી શકે છે.

કુટુંબમાં જતું કરતા શીખીએ તો કોઈ દિવસ આપણું જતું નથી અને જતું ન કરીએ એનું કોઈ દિવસ કાંઈ બચતું નથી. કાચ અને સંબંધ ખૂબ જ નાજુક હોય છે પણ બન્નેમાં ફરક માત્ર એટલો જ કે કાચ ભુલથી તૂટે છે અને સંબંધ અહમ્‌થી તુટે છે. સમાધાન તૂટતા સંસારને બચાવે છે, જીદ તો ક્યારેય નહિ.

જીવતા આવડે તો જીવન આનંદનો સાગર છે. જીવતા ન આવડે તો સંસાર દુઃખનો દરિયો છે.

જ્યાં સુધી કુટુંબમાં અમે અને આપણેનું ચલણ હોય તો જિંદગીનો ભાર વર્તાતો નથી. હું અને તું થયા પછી એ જ સંબંધનો બોજો ઉંચકાતો પણ નથી. તલવારની કિંમત હોય છે તેની ધારથી અને ઈન્સાનની કિંમત હોય છે તેના વ્યવહારથી.

આંકડાની રમતમાંથી પણ આપણને કંઈક શીખવા મળે છે. સાતને સાત ચૌદ થાય. સાત ગુણ્યા સાત ઓગણ પચાસ થાય પણ સાતને પડખે સાત ઊભો રહે તો સત્યોત્તેર થાય. મુલ્યાંકન વધી જાય. તગડે છગડે છત્રીસ, તેમાં બંનેએ વિરુદ્ધ મોઢા ફેરવ્યા એટલે છત્રીસ થયા સામા મોઢા કરે એટલે કે એકબીજાને સન્મુખ બને તો ત્રેસઠ થાય.

આજને આજ સુખી બનવું હોય તો આ રહ્યો એનો ઉપાય. ધનને અમાપ બનાવવાના પ્રયત્નો છોડીને હૃદયને વિશાળ બનાવવા પ્રયત્નો કરતા જાવ. ઘર મોટા બનાવવાથી નથી ચાલતા, મન મોટું હોય તો ઘર ચાલે છે.

હાથની પાંચેય આંગળીઓમાં વિષમતા જરૂર છે; પરંતુ વિરોધ તો એકેયમાં નથી. બધી આંગળીઓ એકબીજાના સહયોગમાં જ રહેતી હોય છે. એટલે જ પાંચેય આંગળીઓ વચ્ચે સંઘર્ષ થતો નથી અને શરીરના એક મુખ્ય વ્યવહારીક અંગ તરીકે વર્તે છે.

સંપ ત્યાં જંપ નહિ તો સદાય ધરતીકંપ. ધરતીકંપ કરતાય ધિક્કારકંપ ભયંકર છે. ધરતીકંપ કદાચ મકાનને ધરાશાયી કરી નાખે છે પણ ધિક્કારકંપ તો આખાયે કુટુંબની શાંતિને રફેદફે કરી નાખે છે.

સંપથી રહેનારામાં એકનું સુખ સહુનું સુખ બની રહે છે. જ્યારે એકનું દુઃખ સહુનું દુઃખ બની રહે છે. પરિણામે એ કુટુંબમાં સુખ વધતું રહે છે અને દુઃખ ઘટતું રહે છે.

શાંત સરોવરમાં પડતી નાની કાંકરી જેમ તરંગો પેદા કરે છે. તેમ સ્વસ્થતાપૂર્વક ચાલતા કોઈના જીવન વ્યવહારમાં એકાદ પણ કટુ શબ્દ સંઘર્ષો પેદા કરી શકે છે એ વાસ્તવિક્તાને નજર સામે રાખીને તમારા શબ્દોનો વિવેકથી ઉપયોગ કરવો કારણ કે...

*ઘર સળગ્યા બીજા થશે, વન સળગ્યા હોલાય;*
*પણ મન સળગ્યા તે ઠારતા, સાત સાગર સુકાય.*

મહાભારતમાં મારા દીકરાને પાંડુના છોકરાએ શું કર્યું? મારા દીકરા અને પાંડુના દીકરા એવું ધૃતરાષ્ટ્ર બોલ્યા પણ એમ ન કહ્યું. આપણા છોકરાઓ વચ્ચે શું બાબત બની એ જણાવ. પાંડુના દીકરા કોઈ પારકા હતા? એનો સગોભાઈ હતો પણ જ્યાં સગાભાઈ વચ્ચે મારું તારું આવે એટલે સમજો ઝઘડાનું ઉદ્‌ઘાટન થઈ ચૂક્યું. મારું અને તારું એ કાતરના બે પાંખિયા છે. બે ભાઈઓ વચ્ચેના અતૂટ સંબંધોને કાપી નાખે છે. કાતર ક્યારેય સીવવાનું કામ ન કરે. બે ભાઈઓ વચ્ચે પ્રેમનો,

લાગણીનો મજબૂત તંતુ હોય પણ જ્યાં મારું ને તારું એ બે પાંખીયા કામ કરવા લાગે એટલે તરત બે ભાઈ વચ્ચેના સંબંધો કપાઈ જાય છે. **વજનનો અનુભવ ન કરાવે તેને સ્વજન કહેવાય.**

જેના ઘરમાં સંપ હશે. સદાચાર સદ્ભાવ હશે ત્યાં તો ચિંતા નથી પણ જે ઘરમાં વિગ્રહ છે. કુસંપના તણખા ઝર્યા હશે એને ચેતવા જેવું છે. કુસંપના તણખા એક દિવસ આગ લગાડે જ. ભાઈભાઈના વ્યવહારોના મતભેદોને કારણે પછી વાત કરવાનો વ્યવહાર પણ ન રહે. સામો મળે તો મોઢું આડું કરીને ચાલ્યો જાય. આ વ્યવહારની ખેંચાખેંચ કેવું ખરાબ કામ કરી જાય છે.

સત્સંગનો પાયો સંપ છે. જો સત્સંગ વેરઝેર ન મીટાવી શકે તો સત્સંગનો વાંક નથી; પરંતુ આપણે એ સત્સંગને સાચી રીતે અપનાવી શક્યા નથી. આપણે સત્સંગ પચાવી શક્યા નથી. ભક્તચિંતામણીમાં ધુવા ગામના બુધ્ધ ને મદારીની કથા અત્યારના સમયમાં સાવધાનીના સાયરન જેવી છે. અત્યારના સમયમાં માણસના મનની આંટીઓ ભયંકર હોય છે. કોણ જાણે ક્યા યુગની હવા લાગી છે! દરેક જણ પોતાના અહંને પંપાળતા હોય છે. સગો બાપ આજે દીકરાને કહી શકતા નથી. અવળું આચરે છતાં વઢી શકતો નથી. કાંઈક ભલામણ કરે તો સામો ફુંફાડા મારે છે. પહેલા તો પાંચ પચીસ માણસોની વચ્ચે બાપ પોતાના દીકરાને વઢતા ત્યારે છોકરો સામું બોલતો નહિ.

**આજે બાપે દીકરાને કંઈક કહેવું હોય તો ''મુકં કરોતી વાચાલમ્'' મંગલાચરણ કર્યા પછી કહેવાય. દીકરાને કંઈક કહે ત્યારે દીકરો જોરથી ફુંફાડો મારે બેસો છાનામાના તમને શું ખબર પડે? ભગવાનના ભક્ત તરીકે આ સ્વભાવ ન શોભે.**

મારી ભુલને હું સાફ કરતો જાઉ ને સામાની ભુલને હું માફ કરતો જાઉ તો જીવન સાર્થક! જતું કરવું એ મંત્ર શાંતિને આપનારો છે. સાગરમાં ભરતી લાવવાનું કામ સૂર્યના પ્રચંડ તેજનું નથી. એ કામ છે પૂર્ણિમાના તેજનું. જગતના જીવોને પ્રસન્નતાની ભરતી લાવવાનું આગ ઝરતી ભાષામાં નથી પણ સ્નેહ વાત્સલ્ય તરતી વાણીમાં છે. ટી.બી. એ શરીરનો રાજરોગ છે અને અહંકાર એ આત્માનો રાજરોગ છે.

આ દુનિયામાં પર્વતની જેમ અક્કડ રહેનારાઓના પાણી ઉતારવા સહેલા છે પણ નેતરની જેમ સ્વયં નમી જનારાના પાણી ઉતારવા સહેલા નથી. અક્કડ રહેનારા હારી ગયા છે ને ઝુકી જનારા જીતી ગયા છે.

યુદ્ધ ને ઝઘડા એટલા માટે ખરાબ નથી કે એમાં માણસ મરે છે પણ એ એટલા માટે ખરાબ છે કે તેમાં માણસાઈ મરે છે. સહૃદયતા મટે છે. વાત્સલ્યને પ્રેમ રવાના થાય છે.

વિશ્વાસ એ બે વ્યક્તિ વચ્ચેના સંબંધોને ટકાવવા માટેનો પૂલ છે. પૂલ જેમ બે છેડાની અપેક્ષા રાખે છે. તેમ વિશ્વાસ પણ બેય પક્ષની ઉદારતાની અપેક્ષા રાખે છે.

**ગુસ્સો અને જીદ જીવનમાં આ બે ખરાબી છે. ગુસ્સાથી પરેશાન પુરુષો થાય છે. જીદથી પરેશાન સ્ત્રીઓ થાય છે. આ બન્ને છોડી દેવું જોઈએ તો ઘર અને જીવન સ્વર્ગ સમાન બની જાય છે.**

સંપ અને સહકારથી લૌકિક અને પારલૌકિક કાર્યોની સિદ્ધિ થાય છે. કુટુંબરૂપી ઈમારતના પાયામાંથી સંપની ઈંટો સરકવા માંડે તો કુટુંબ છિન્નભિન્ન થઈ જતા વાર લાગે નહિ. એટલે જ કહ્યું છે સંપ ત્યાં જંપ. સંપમાં ઘણી તાકાત છે ગમે તેવું વિરાટ કાર્ય સંપના પાયા ઉપર સહેલું બની જાય છે. સૂર્યના કિરણો વિખરાયેલા આવે તે બહુ તો ઠંડી ઉડાડી શકે પણ અગ્નિ પ્રગટાવી શકે નહીં. તેમ કુસંપથી કોઈ મોટું કાર્ય થઈ શકે નહીં. કોઈપણ દેશ, સમાજ, સંસ્થા કે કંપની સુવ્યવસ્થિત ચલાવવા હોય તો સંપ અતિ આવશ્યક છે.

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | હેમલ જશ્યન્ત લાઠીયા, ૨૨-૯-૧૯૮૪, ૬'-૦''<br>B.EIT.,– | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>જુનાગઢ - મુંબઈ | (ઘર) ૦૨૨૨૮૯૭૨૩૦૧<br>(મો) ૯૫૯૪૦૧૫૧૨૪ |
| ૨) | રાજ નરેશકુમાર શાહ, ૨૨-૫-૮૬, ૬'-૨''<br>C.A., B.com | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>માંગરોળ - મુંબઈ | (ઘર) ૨૫૧૪૯૦૧૮<br>(મો) ૯૩૨૪૩૧૫૭૭૭ |
| ૩) | વિશાલ પંકજ શાહ, ૨૪-૮-૧૯૮૯, ૫'-૧૧''<br>B.E. Com. Sciences | પોરવાડ દેરાવાસી જૈન<br>અમલસાડ - વિલેપાર્લા | (ઘર) ૨૬૧૪૬૩૫૧<br>(મો) ૯૨૨૪૫૯૫૫૫૫ |
| ૪) | ચેતશ જગદીશ શાહ, ૧-૬-૧૯૮૬, ૬'૦૨''<br>B.Com, M.Com/MBA | દશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>પોરબંદર - મુંબઈ | (ઘર) ૨૬૪૯૨૮૦૫<br>(મો) ૯૭૭૩૨૫૮૬૪૨ |
| ૫) | નિરવ ચન્દ્રકાન્ત શાહ, ૨૨-૯-૧૯૮૫, ૫'- ૧૦''<br>Inter 2nd Year | દશા શ્રીમાળી દેરાવાસી જૈન<br>વલ્લભીપુર -હૈદ્રાબાદ | (ઘર)૦૪૦-૬૬૨૫૬૪૧૭<br>(મો) ૯૮૮૫૩૬૬૪૧૭ |
| ૬) | જીગર હર્ષદ શેઠ, ૬-૧૧-૧૯૮૯, ૫'- ૦૬''<br>B.Com, | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>વલ્લભીપુર - બેંગલોર | (ઘર) ૦૮૦૪૨૧૨૩૫૩૧<br>(મો) ૯૮૪૪૫૨૧૬૩૬ |
| ૭) | પ્રણય સંજય શાહ, ૩-૧૨-૧૯૮૮, ૫'૯''<br>M.Com., – | દેરાવાસી જૈન<br>અંબાસણ - બોરીવલી | (ઘર) -<br>(મો) ૯૮૬૭૯૮૬૦૧૮ |
| ૮) | તેજસ ચંદ્રકાંતભાઈ ટિંબડિયા, ૨૫-૮-૧૯૮૨, ૫'-૧૧''<br>S.S.C., – સેલ્સ મૅનેજર | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>બિલખા (જૂનાગઢ) - વસઈ | (ઘર) ૯૩૨૧૨૨૯૯૭૮<br>(મો) ૯૩૨૩૧૭૯૧૦૦ |
| ૯) | વિરેન પ્રવિણચંદ્ર શાહ, ૧૫-૬-૧૯૭૭, ૫'- ૬''<br>B.Com, PGDCA, | ઝાલાવાડ દશા. સ્થા. જૈન<br>થાનગઢ - બોરીવલી | (ઘર) ૨૮૯૮૫૫૬૮<br>(મો) ૯૮૭૦૦૭૯૬૦૮ |
| ૧૦) | પરાગ હર્ષદરાય દફતરી, ૫-૫-૧૯૭૫, ૫'- ૭''<br>B.Sc, | દશા. સ્થા. જૈન<br>મોરબી - ડોંબીવલી | (ઘર) ૯૭૦૨૭૦૭૩૦૩<br>(મો) ૯૮૨૦૨૧૦૧૧૬ |
| ૧૧) | વિશાલ યશવંત મહેતા, ૧૩-૪-૧૯૮૬, ૫'- ૬''<br>B.Com, Software Diploma – નિર્દોષ છૂટાછેડા | દશા. સ્થા. જૈન<br>જોડીયા - કલકત્તા | (ઘર) ૨૪૯૯૬૫૫૦<br>(મો) ૯૮૩૬૮૪૭૦૮૪ |

## યુવતી

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | ઝંખના ગિરીશ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'-૩''<br>B.Com, / C.A. | સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) ૨૬૧૪૯૫૪<br>(મો) ૯૮૬૯૪૮૩૯૫૪ |
| ૨) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>M.Com, | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>કઠોર (સુરત) - ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૩) | કેજલ મિલિંદ શાહ, ૧૩-૬-૯૧, ૫'-૨''<br>M.Com., (Service) | દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>વીછિયા (સૌરાષ્ટ્ર)-ઘાટકોપર | (મો) ૯૯૬૭૪૩૩૩૯૭<br>(ઘર) ૦૨૨-૨૫૦૯૪૦૩૫ |
| ૪) | જલ્પા જયકાન્તભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫ ૫'-૪''<br>બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૯૩૨૩૩૩૪૩૦૭<br>(મો) ૯૮૨૦૦૪૧૦૭૧ |
| ૫) | કેશા હર્ષદભાઈ શાહ, ૨૧-૨-૧૯૮૬, ૫'-૨''<br>B.Com, MBA નિર્દોષ છૂટાછેડા | ઘોઘારી દશા શ્રીમાળી જૈન<br>વલ્લભીપુર - સિકંદરાબાદ | (મો) ૦૪૦૨૭૫૩૪૪૧૯<br>(મો) ૦૯૮૮૫૮૨૪૧૩૫ |
| ૬) | હિરલ માલેકર, (૫-૧૨-૧૯૮૨), ૫'-૨'' વ: ૫૫ કિ.<br>B.Com., ઈન્ટિરિયર ડિઝાઈનર, પ્રી-સ્કૂલ ટીચર(વિડો-૧૧ વર્ષની દીકરી છે) | દેરાવાસી જૈન<br>હાલ ઘાટકોપર | (ઘર) ૯૮૬૯૫૩૩૨૨૮<br>(મો) ૯૮૨૧૨૭૭૧૨૭ |

# હાર્મની ઈવેન્ટસ

જૈન જાગૃતિના ૧૬૮ સેન્ટર તથા ભારતભરના ૬૫૦૦૦
જૈન જાગૃતિના સભ્યોને અમે નૂતન વર્ષાભિનંદન પાઠવીએ છીએ



સંગીત સંધ્યા, લગ્ન ગીત, મહેંદી રસમ,
ગેમ શો, ટ્રેક શો, બર્થ ડે પાર્ટી,
કોર્પોરેટ ઈવેન્ટ, લોકગીત, ડાયરો
વગેરે કાર્યક્રમો માટે સંપર્ક કરો.



**રૂપેશ શાહ 9821326396**






Advt.

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26/10/2017
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2016-2018

# Inauguration of ASPEE AUDITORIUM by Smt. Hema Malini(MP) (Chief Guest)

Marve Road, Malad (West), Mumbai - 400 064.

અમારા ઓડિટોરિયમના ઓપનિંગમાં આપ સર્વેનો સાથ અને સહકાર મળેલ છે તે બદલ અમે સૌ આપ સર્વના આભારી છીએ.
સંવત ૨૦૭૪નું વર્ષ અમારા માટે ફળદાયી નીવડે તેવી અપેક્ષાઓ સાથે જેજેસીના સર્વે સભ્યોને અમો નૂતન વર્ષાભિનંદન પાઠવીએ છીએ








## List of the Trustees

ADVT

Shri Sharad L. Patel

Dr. Anil N. Suchak
Shri Arun D. Khakhar
Shri Anil B. Patel
Shri Kiran L. Patel
Shri Shailesh D. Shah
Shri Harish Gajjar
Shri Jagdish D. Khakhar
Dr. Mohan I. Patel
CA. Manish R. Choksi

Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE,** Printed at **ARIHANT PRINTING PRESS,** Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg.,Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057.
Editor : **CHANDRAKANT F. SHAH**